Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૦૬ · તા. ૭ થી ૧૩ ફેબ્રુઆરી - ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Postal Reg. No. MCE / 53 / 2015 - 2017

## શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર
## ૨૯ જાન્યુઆરી, પ્રજાસતાક દિન પર્વ નિમિતે - ધ્વજવંદન કાર્યક્રમ





શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપરના વિદ્યાર્થીઓએ હાલના તેમના સાયન ખાતેના રહેઠાણના પટાંગણમાં ૨૬ જાન્યુઆરીનાં રોજ પ્રજાસત્તાક દિન પર્વ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરેલ. મુખ્ય અતિથી વિશેષ તરીકે શ્રી જયંતભાઈ ગોવિંદજીભાઈ અજાણી; શ્રી હેમંતભાઈ ગોવિંદજીભાઈ અજાણી તથા અતિથી વિશેષ શ્રી નલીનભાઈ અજાણી ઉપસ્થિત રહેલ.

સ્વ. માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી પરિવારે તેમના સાયન ખાતેના ૩ ફ્લેટસ જેમાં ૩૦ વિદ્યાર્થીઓ રહે છે તે સંસ્થાને તેના નવા મકાનનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓના વપરાશ અર્થે વાપરવા આપેલ છે. સંસ્થાના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ તેમની આ શુભ અવસરે ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

અનુસંધાન ૬ ઠ્ઠા પાને









# પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

ગામ :
(સુથરી - મુંબઈ)



અરિહંત શરણ :
તા. ૧૨.૦૧.૨૦૧૫

## સ્વ. માતુશ્રી કસ્તુરીબેન નારાણજી કલ્યાણજી ધરમશી

જિવન એવું જીવી ગયા, આપ સહુના દિલમાં વસી ગયા,
અશ્રુભરી આંખો શોધે આપને, આપ તો ગગનના સિતારા બની ગયા...
નયનમાં રમે તસવીર આપની, પણ આપ ખુદ તસવીર બની ગયા !
વિદાય કેવી લીધી છે, તમે અણધારી !
અમ દિલમાં હસ્તી તમારી બનાવી ગયા.
ખુશીઓ ભરી તમે અમારી જીંદગીમાં,
પોતાની યાદોની માત્ર જ્યોત જલાવી ગયા.
એટલે જ કે
જનાર તો જાતા રહ્યાં, સદ્‌ગુણ, એનાં સાંભરે
લાખો લુંટાવો તોયે પણ, મરનાર પાછા ના ફરે.
બસ, પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ. આપની અમર સ્મૃતિમાં

**શા. નારાણજી કલ્યાણજી ધરમશી પરિવાર (સુથરી)**
**ગીતા વિનોદ ડાઘા**
**ગુણવંતી હિરાચંદ લોડાયા**
**મનોરમા નરેશ મોમાયા**
**નયના પૃથ્વીરાજ મોમાયા**
**તેજસ્વી વિજય દંડ**
**દીપમાલા ભરત લોડાયા**
**હીના હિરેન નાગડા**
**વીણા શાહ**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 06/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# બેંકીંગ ક્ષેત્રની બદલાતી તસવીર અને અરિહંત બેંક સહિતની સહકારી બેંકો

અરિહંત બેંકે તાજેતરમાં તેનું રુપેય ડેબીટ કાર્ડ શરૂ કર્યું. આ એક અર્થમાં અરિહંત બેંકના સંચાલકો પોતાના ગ્રાહકોની બધા પ્રકારની જરૂરતો પૂરી કરવા માટે તત્પર છે અને બેંક તે માટે જરૂરી સજ્જતા પ્રાપ્ત કરી રહી છે તેની સાબિતી છે.

જોકે, અત્યારે એકંદર સંજોગો એવા છે કે અચ્છે દિન લાવવામાં બેંકોનો શું ફાળો હોઈ શકે? હોવો જોઈએ? તે અંગે રાષ્ટ્રીય સ્તરે જે વિચારણા ચાલી રહી છે તેમાંની ઘણી વાતો આવનારો સમય સહકારી બેંકો માટે અને અરિહંત બેંકે પણ નવા વાતાવરણમાં પોતાનું અસ્તિત્વ ટકાવવા સમયાનુરૂપ ફેરફાર કરવાનો રહેશે એમ દર્શાવે છે.

સહકારી બેંકોનો ઈતિહાસ તપાસીએ તો બદલાતી સરકારી નીતિ પ્રમાણે તે ચાર ભાગમાં વહેંચાઈ જાય છે : પ્રથમ તબક્કો એવો હતો કે સરકાર સહકારી બેંકોને સહકારને પ્રોત્સાહન આપવાનું મુખ્ય સાધન મનાતી હતી અને એટલા માટે જે કોઈ બેંક ઊભી કરવા એક લાખની મૂડી ઊભી કરે તો તેને સરકાર ધીરણ આપવા માટે પોતાના સહકાર અંગેના બજેટમાંથી સવાઈ - દોઢી ફાળવણી કરતી હતી.

બીજો તબકકો એવો આવ્યો કે સરકારે સહકારને પ્રોત્સાહન આપવાની બીજી યંત્રણા વિકસાવી લીધી અને રાજકીય કારણોસર તેનો મોટો ફાળો અનામતવાળાઓને મળે તેવી રીતનો આગ્રહ રાખ્યો.

ત્રીજા તબક્કામાં સરકારને લાગ્યું કે સહકારી બેંકોમાં બેંકીંગનું કામ જેટલું થાય છે તેટલું જ રાજકારણ પણ ખેલાય છે. સંચાલક મંડળમાં ઘણા બધા એવા લોકો ચૂંટાય છે જે જનસમર્થન તો ધરાવે છે પણ બેંકના સંચાલનનું કૌશલ્ય નથી ધરાવતા. એ લોકો ખોટા લોકોને ધીરણ કરીને જનતાના પૈસા જોખમમાં મૂકી છે તે માટે સરકારે રીઝર્વ બેંક દ્વારા તેમના સંચાલન પરની પકડ વધુ મજબુત કરી.

ચોથો તબક્કો એવો છે જ્યારે સરકાર એક તરફ એવું ઈચ્છે છે કે ભારતીય બેંકીંગ વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઊભી રહે. બીજી તરફ સરકાર બેંકોની સહાયતાથી સામાન્ય સંજોગોમાં જે લોકો બેંકીંગ ક્ષેત્રની બહાર રહી જતા હોય તેવા જૂથને બેંકીંગના ક્ષેત્રમાં આવરી લેવા જનધન યોજના ચલાવી રહી છે.

આવા સંજોગોમાં સરકારે એટલે કે રીઝર્વ બેંકે તાજેતરમાં જે નિયમો બહાર પાડયા છે અને આપણને જેની અરિહંત બેંકની જાહેરાતમાંથી માહિતી મળી છે તે પ્રમાણે એવું સમજાય છે કે સરકાર હવે બધી સહકારી બેંકોનું સંચાલન તેને (વ્યક્તિ - સંસ્થા - સમુદાય) જેણે પણ સ્થાપી હોય તેના નહીં પણ જે સહકારી બેંકો સાથે જે કાયમી વહેવાર ધરાવતા હોય તેમના સંચાલનમાં રહે તેવી નીતિ અપનાવી રહી છે.

સહકારી બેંકીંગના ઈતિહાસ પર આછી નજર ફેરવ્યા પછી કચ્છી દશા

ઓસવાળ જૈન જ્ઞાતિના બેંકીગ ક્ષેત્રે કંઈક કરવાના પ્રયત્નોનું મૂલ્યાંકન કરીએ તો નીચેની વસ્તુ નજર સામે આવે છે.

પ્રથમ સંમેલનમાં (ઈ.સ. ૧૯૪૮ માં) ઠરાવ થયો હોવા છતાં સહકારી બેંકીગના પ્રથમ સાનુકૂળ તબક્કાની વાત જવા દો જ્યારે વેપારી કોમની સહકારી બેંક સરળતાથી સ્થાપી - સંચાલિત કરી શકાય તેવા બીજા તબક્કા વખતે પણ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ પોતાની સહકારી બેંક ઊભી કરી શકી નથી.

જ્યારે ત્રીજા તબક્કામાં સહકારી બેંકોનાં સંચાલનમાં ઘણી કચાશો છે અને તેને કારણે ઘણી બેંકો ખોટમાં છે કે ઊઠી પણ ગઈ છે માટે નિયંત્રણ વધારવા જોઈએ એવી સુચના સરકારે રીઝર્વ બેંકને આપી તે વખતે આપણે બેંક શરૂ કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

જોકે સહકારી ક્ષેત્રની સરકારની સાનુકૂળ સ્થિતિનો આપણે ભલે લાભ ન ઊઠાવી શક્યા પણ શ્રેષ્ઠ સંચાલનને કારણે નાણાકીય રીતે શ્રેષ્ઠ પરિણામો મેળવી શક્યા છીએ.

અલબત્ત, એક ખટકતી વાત એ છે કે નાની સામુદાયિક બેંકમાંથી અનેક શાખા ધરાવતી પ્રોફેશનલની સમકક્ષ બેંક બનવાની દિશામાં ઘણી પ્રગતિ કર્યા છતાં બેંક જ્યારે મોટી થાય ત્યારે જરા પણ બેડ ડેબ્ટ (લેણા ખોટા થવા) ન થવા જોઈએ એવી નોન પ્રોફેશનલ માન્યતા આપણામાં એટલે સુધી ઘર કર ગઈ છે કે અરિહંત બેંકના બેડ ડેબ્ટ તેના કુલ ટર્નઓવર ના ૦૧ ટકા થી ૦.૨૫ ટકા જેટલા હશે તો પણ બોર્ડ ઓફ ડાયરેકટરમાં એકબીજા સાથેની નારાજગીનું મુખ્ય કારણ જે - બેડ ડેબ્ટ થયા તે ક્યા ડાયરેક્ટરની ભલામણને કારણે થયા તે હોય છે.

વાસ્તવમાં જો આપણે બેંકને પ્રોફેશનલી ચલાવવી હોય તો ખરેખર તો એટલું જ ધ્યાનમાં રાખવાનું હોય કે બેડ ડેબ્ટનું પ્રમાણ ૦.૫૦ટકાથી વધે નહીં કેમકે તે ૧ ટકા સુધી જાય તો પણ બેંકની કામગીરી પર કોઈ અસર પડતી નથી. જે બેંકો ફડચામાં ગઈ છે તેની તપાસ કરીએ તો સમજાય છે કે તેમના પતનની શરૂઆત બેડ ડેબ્ટ ૪ ટકાથી વધ્યા તે પછી થઈ હતી.

બીજી મહત્વની વાત છે ડાયરેક્ટરો પોતાના જોખમે સામાન્ય સંજોગોમાં લોન આપવા લાયક ન ગણાતા હોય તેમને કેટલી મદદ કરે છે?

વર્તમાન ચેરમેને છેક હમણાં અમે આ વાતનું પણ ધ્યાન રાખશું એવી જાહેરાત કરી ત્યાં સુધી આ બાબત તરફ ખાસ ધ્યાન અપાયું નથી. અલબત્ત, આ જાહેરાત પછી પણ તેનો ખાસ અમલ થયેલો દેખાતો નથી.

અરિહંત બેંકના ડાયરેક્ટરોની જ્વલંત કારકિર્દીમાં પણ કેટલીક બાબતો એવી છે કે તે ટાળી શકાવી જોઈતી હતી.

૧. વર્ષ ૨૦૦૫ની અતિવૃષ્ટિ વખતે વીઠ્ઠલવાડીના અસરગ્રસ્તોને મદદરૂપ થવાની પોતાની ફરજ હતી એ વાત ડાયરેક્ટરોમાંથી ઘણા બેંક તો રીઝર્વ બેંકના ઘડેલા કાનૂનો પ્રમાણે જ ચાલે એમ કહી ઉડાડી મૂકેલી. હકીકતમાં રીઝર્વ બેંક તરફથી કુદરતી આફતનો ભોગ બનેલાઓને માનવતાના ધોરણે મદદ ન કરી શકાય એવો કોઈ નિર્દેશ અપાયેલો નથી.

૨. બેંકની રજત જંયતીની ઉજવણી વખતે શુભેચ્છા ભેટ રૂપે સભ્યોને ૨૫ ગ્રામનો ચાંદીનો સિક્કો આપવાની વાત હતી. એ માટે નિર્ણય લેવાયો તે વખતે ચાંદીનો જે ભાવ હતો તે પ્રમાણે ઠરાવ કરી નિશ્ચિત રકમ પણ બાજુએ મૂકવામાં આવી. ચાંદીના ભાવ વધી ગયા એટલે ઓછા ગ્રામનો ચાંદીનો સિક્કો અપાયો! શું ડાયરેક્ટરો નવો ઠરાવ કરીએ રકમ વધારી સભ્યોને રજત જયંતિના સંભારણા રૂપે ૨૫ ગ્રામનો સિક્કો ન આપી શકયા હોત?

૩. બેંકની વાર્ષિક સભા વખતે હાજર રહેલાઓને છત્રી કે એવું કાંઈક ભેટ અપાય છે. કદાચ તેના આકર્ષણે ઘણી વખત વધુ સભ્યો સભામાં આવી જતા હશે પણ 'માફ કરજો ભેટ તમારા ઘરે મોકલી દેશું' એવી જાહેરાત ઘણી વખત થઈ છે. એ સ્થિતિ ટાળવી જોઈતી હતી, ટાળી શક્ય તેવી હતી.

જે હોય તે અત્યારે જ્ઞાતિ સમક્ષ સૌથી મોટી સમસ્યા રહેઠાણ સમસ્યા હલ કરવા

પોતાની પૂરેપૂરી શક્તિનો ઉપયોગ કરીને જેમને પરવડી શકે તેમ હોય તેવા બધા જ્ઞાતિજનોને ઓનર શીપના ઘર આપવાની છે.

આમાં અરિહંત બેંક રહેઠાણ યોજના હાથ ધરવા ઈચ્છુક સંસ્થાઓને તેમની લાયકાત પ્રમાણે લોન આપે અને ઓનરશીપના ઘર લેવા ઈચ્છનાર જ્ઞાતિજનોને લાંબા સમયગાળાની અને ઓછા વ્યાજની લોન આપીને મહત્વની ભૂમિકા ભજવી શકે. જોકે આમાં અરજી આવે ત્યારે જોશું એવો ઉડાવ અભિગમ ન ચાલે. બેંકે જ જ્ઞાતિની જરૂરતોને સમજી યોજના ઘડવી રહી અને તેને માટે રીઝર્વ બેંકની ખાસ પરવાનગીની જરૂર હોય તો તે પણ લેવી રહી.

માત્ર અરિહંત બેંકની જ નહીં બધી સહકારી બેંકોની અત્યારે જે સ્થિતિ છે એ સમજવા સૌથી પહેલાં સહકારી બેંકો તેમના ગજા પ્રમાણે ક્યા ક્યા પ્રકારની હોય છે તેની જાણકારી જરૂરી છે.

૧. સાવ જ નાની સહકારી બેંકો જે જનતા પાસેથી પૈસા લઈ અમુકને ધીરવાના કામકાજ સિવાય બીજી સેવા આપવા માટે બીજા પર નિર્ભર હોય. આવી બેંકની એકથી બેજ શાખા હોય છે.

૨. નાની પણ સ્વાવલંબી સહકારી બેંક જેની પાંચ જેટલી શાખા હોય છે.

૩. નાની કહેવા માટે મોટી અને મધ્યમ કહેવા માટે નાની તેવી પાંચથી વીસ શાખા હોય તેવી સહકારી બેંકો.

૪. મધ્યમ જુથમાંની ૨૦થી વધુ શાખા ધરાવતી સહકારી બેંકો

૫. અનેક રાજ્યોમાં શાખા ધરાવતી મોટી સહકારી બેંકો.

અરિહંત બેંક આમાં ત્રીજા પ્રકારમાં આવે છે. એ જુથમાં તેણે સારામાં સારી પ્રગતિ કરી છે.

જાકે, આટલું કરવામાં આપની સંચાલન સજ્જતા - ક્ષમતાની ટોચ આવી ગઈ છે.


ક.દ.ઓ. મોતા પરિવારના ભાવિકજનો જોગ

**કુળદેવી માં અંબાઈમાં ની સમૂહ પહેડી પ્રસંગે હાર્દિક આમંત્રણ**

ક.દ.ઓ મોતા પરિવારના કુળદેવી માં અંબાઈમાં ની સમૂહ પહેડી ચૈત્ર સુદ ૧ ગુડીપડવો શનિવાર તા.૨૧-૩-૨૦૧૫ ના શુભદિવસે **જૈનમ હોલ ભોયતળિયે L.B.S. Marg, ભાંડુપ(પ) ખાતે સવારના ૯:30 થી** યોજવામાં આવેલ છે.

**સમૂહ પહેડી ના લાભાર્થી પરિવાર**
**માં. રાજબાઇ લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવાર-લાખણીયા-વડાલા**

- જાણીતા કલાકાર દ્વારા માતાજીની સંગીતમય આરાધના/અર્ચના.બહેનો દ્વારા ગરબા દ્વારા માતાજીની આરાધના
- સને ૨૦૧૩/૨૦૧૪ માં SSC(પ્રથમ બે),HSC(પ્રથમ બે) એવું સ્નાતક – ઉચ્ચ કે અન્ય પરીક્ષા પાસ કરેલ પરિવાર ના યુવાઓનું સરસ્વતી સન્માન, અને અન્ય પ્રતિભાવંત સભ્યોનું અભિનંદન એવં અનુમોદન. (આ વર્ષમાં કથિત પરીક્ષા પસાર કરેલ યુવાઓએ વિગત પરિણામની એરોક્ષ્ કોપી સહિત તુરંત મોકલવી.)
- માતાજીની અર્ચના/આરાધના,પહેડીના જુહાર એવં પ્રસાદના કાર્યક્રમમાં **સમયસર** પધારી પરિવારની એકતામાં વધારો કરશોજી.

**લી. ક.દ.ઓ મોતા પરિવાર અંબામાં ટ્રસ્ટ એવં ક.દ.ઓ. મોતા યુથ ફોરમના પદાધિકારીઓ એવં કાર્યકરોના**

**જય માતાજી વાંચશોજી**

"પહેડીમાં કાળાં કપડા ન પહેરવા અને યોગ્ય વસ્ત્ર પરિધાન કરવું."

*અગાઉ, જણાવ્યું તેમ હવે રીઝર્વ બેંકે જેમણે બેંક સ્થાપી તેઓ નહીં પણ હાલમાં તેની સાથે વહેવાર રાખતા હોય તેની બેંક એવી નીતિ અપનાવી છે. આ નીતિની જે અસર પડશે તે ધ્યાનમાં લઈએ તો જો આ બેંક પર નાતનું સીધું કે આડકતરું વર્ચસ્વ ટકાવવું હશે તો અહીં જ અટકી જવાની ફરજ પડશે.*

*અવારનવાર કોઈને કોઈ કારણસર અરિહંત બેંકની સ્થિતિ નબળી પડી રહી છે કે હવે તો રામભરોસે છે એવી અકારણ બૂમ ઉઠે છે.*

*વાસ્તવમાં થયું છે એવું કે વધુને વધુ સફળતાની દોડમાં સંચાલક મંડળ સમુદાયથી દૂર થઈ ગયું છે એટલે વા વાયાથી નળીયું ખસ્યું, તે દેખી કુતરું ભસ્યું, કોઈ કહે મેં દીઠો ચોર, બહુ થયો ત્યાં શોરબકોર! જેવી સ્થિતિ છે.*

*વાસ્તવમાં અત્યાર સુધી સંચાલક મંડળમાં સેવા આપનારા બધાને પદ પર ન હોય તો પણ તેમને તેમણે લીધેલી જહેમત માટે ડ્રાઈવર સાથેની બેંકની કાર વાપરવા મળવી જોઈએ, તેને બદલે આપણે કોણે કેટલું ભાડા ભથ્થું લીધું એમાં અટવાયેલા છીએ.*

*હકીકતમાં પેઢી ભેદ અને તેને કારણે કાર્યપદ્ધતિમાં ભેદ એ પણ મુખ્ય સમસ્યા છે.*

*તેમાં ય જ્યારે આ મુદતની શરૂઆતમાં ચેરમેન પદ માટે બે મહાનુભાવોને સરખા મત હતા અને બન્ને મહાનુભાવો અડધી અડધી મુદત સુધી ચેરમેન પદ ભોગવે એવી જે સમજૂતિ થઈ અને પાછળથી જેમને પ્રથમ ચેરમેન પદ મળ્યું તેમને અડધી મુદત પછીય વધુ સમર્થન મળતું હોય તો એ સમજુતીનું શું? એવા પ્રશ્નોમાં બેંક અટવાયેલી છે.*

*જોકે મુદત પૂરી થવાને વધુ સમય બાકી નથી એટલે એ બાબત વધારે છણાવટ કરવાની જરૂર નથી.*

*એકંદરે કહીએ તો અરિહંત બેંક એક બેંક તરીકે સધ્ધર અને સારા વહીવટવાળી છે પણ સાધન સંપન્ન વર્ગ ઉપરાંત મધ્યમ અને પ્રમાણમાં નબળા વર્ગને ય મદદરૂપ થવાના જે ઉદ્દેશ્યથી બેંકની સ્થાપના થઈ છે તે પૂરા કરવામાં તેનો રોકોર્ડ બહુ સારો નથી જ.*

*આશા રાખીએ કે બેંકના ડાયરેક્ટરો પદકો નહીં પણ લોકોના હૃદય જીતવા પર વધુ ધ્યાન આપે.*

***- ચંદ્રસેન મોમાયા***

---

## શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર (૧ લા કવરથી ચાલુ)

**અન્ય ૨૦ વિદ્યાર્થીઓ છેડાનગર, ચેંબુર ખાતે સંસ્થાએ ભાડા પર લીધેલ ૩ ફ્લેટસમાં રહી અભ્યાસ કરે છે, આમ ચાલુ શૈક્ષણિક વર્ષે કુલ ૫૦ વિદ્યાર્થીઓએ સંસ્થામાં એડમીશન લીધેલ છે.**

આનંદ અને ઉલ્લાસભર્યા આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી કમલેશભાઈ શીવજીભાઈ વિકમશી; પદાધિકારીઓ શ્રી નરેશભાઈ ભવાનજી શાહ (માનદમંત્રી) અને શ્રીમતી કાશ્મીરાબેન વીરેન્દ્રભાઈ નાગડા (સહ-માનદમંત્રી), શિક્ષિકા શ્રીમતી મધુબેન ખોના ઉપસ્થિત રહેલ.

આમંત્રિત મહેમાનો તેમજ અધિકારીઓએ પ્રસંગોચિત પ્રવચનોમાં વિદ્યાર્થીઓને જીવનમાં શિક્ષણની સાથે સંર્વાગી વિકાસ સાધીને સંસ્થા તેમજ સમાજને ઉપયોગી થવા ઉપર ભાર મુક્યો હતો.

શાળા તેમજ કોલેજ વિભાગના વિદ્યાર્થીઓ ચિ.અમિત માલદે, ચિ. હાર્દિક મોમાયા, ચિ.ધવલ લોડાયા અને ચિ. ભાવિન પોલડીયાએ પણ પ્રજાસત્તાક દિન વિશે, તેમજ સંસ્થા, સમાજ અને દેશ પ્રત્યે આપણી ફરજ અને કર્તવ્ય વિશે પ્રવચન આપેલ.

શાળા વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ચિ. સતીશ મૈશેરીને ચેસની સ્પર્ધામાં ડીસ્ટ્રીકટ લેવલ પર પહેલું સ્થાન મેળવવા બદલ અને ચિ, ઉમંગ માલદેને ઘાટકોપર ખાતે યોજાયેલ મેરેથોન રેસમાં ભાગ લેવા બદલ બિરદાવવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ચિ. શુભમ લોડાયાએ કર્યુ હતું.

કાર્યક્રમનાં અંતે સંસ્થાનાં માનદ મંત્રી શ્રી નરેશભાઈ ભવાનજી શાહે છાત્રાલયનાં નવસર્જનથી છાત્રોને વાકેફ કર્યા.

અંતે સૌ મૈત્રીભાવના ગાઈ, હળવો નાસ્તો લઈ, આનંદ વ્યક્ત કરી છૂટા પડયા.

RAJSHREE YOGA & FAT FREE ZONE

Weight Management & Yoga Center

Since 1994

**રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન છેલ્લા ૨૧ વર્ષથી શારિરીક તથા માનસિક તંદુરસ્તીના ક્ષેત્રે અપ્રતિમ...**

૨૦-૨૦ વર્ષ સુધી એક્સરખા રીઝલ્ટ આપવા બહુ મુશ્કેલ છે. અમે એક્સરખા નહીં પણ એકબીજાથી ચડીયાતા રીઝલ્ટ આપીએ છીએ. તે પણ બીમારીઓ, ઓપરેશન, સીઝેરિયન, ડિલીવરીઓ કે ગમે તે તકલીફ હોય, વજન ઉતાર્યાં પછી એવું લાગે કે ક્યારેય જાડા નહતા. ટીન એજ માં હતો તેવો શેપ, સાઈઝ અને વજન આવી જાય છે.

રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોનમાં આ બધું શક્ય છે.

→ બીમારી કે દુ:ખાવા હોય તો તેના માટે ખાસ ટ્રીટમેંટ છે પુરો કોર્સ એક્સાથે લેવો જરૂરી નથી.

→ અસ્થમા અને એલર્જી માટે દવા- પંપ વારંવાર લેવા પડતા તે લેવા પડતાનથી.

→ અસ્થમા નો ખાસ કોર્સ - મેઈનટેઈન સાથે.

**નામ નહીં કામ બોલે છે**

**સેજલ ગાંધી**





**પહેલાં ઉંમર - ૫૪ વર્ષ** **પછી ઉંમર - ૩૪**

**(મશીન પ્રમાણે)**

**એજ રીવર્સલ(ઉંમર ઘટાડવાનો) પ્રોગ્રામ કર્યા પછીનો યંગ લુક (યુવાન દેખાવ)**

**ટોટલ 23 કિલો વજન ઉતાર્યું**

**ટોટલ 144 ઈંચ ઉતાર્યા**



**પહેલાં**



**પછી**

**સેજલ ને ૮ વરસથી અસ્થમા હતું. હમેશાં દવાઓ, સ્ટેરોઇડ અને પંપ બધું લીધા પછી શ્વાસ નોર્મલ થઈ જતો પણ કફ શરદી ચાલ્યા જ રાખતા. વજન પણ વધતું જતું હતું પણ અહીં આવ્યા પછી આ બધું બંધ થઈ ગયું. હવે કોઇ દવા લેવી પડતી નથી. સેજલને એક બેબી છે પણ એને જોઈને એવું લાગતું નથી. લગ્ન પહેલાં પણ આટલી પતલી નહતી. શરીર અને મન સ્વસ્થ હોય તો કામ કરવાની સ્ફુર્તી અને કોન્ફીડન્સ બન્નેં વધી જાય છે. અસ્થમાની દવાઓ સાથે આટલું વજન ઉતરાવવું એ અમારા માટે પણ ચેલેન્જીંગ હતું.**

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**ખાસ નોંધ : અમારા કોઇ આસીસ્ટન્ટ, આમારા દ્વારા તાલીમ લીધેલ કોઇ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઇઝી નથી. મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ, ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે, ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦૦૧૪

વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com




## અબડાસાનાં ગામોમાં આપણો વસવાટ

અબડાસાના ગામોમાં એક વખત જે આપણી જ્ઞાતિનું વર્ચસ્વ હતું, તે આપણી વસ્તીને કારણે હતું. વડીલો આપણાં ગામોને છોડીને જતાં રહ્યા અને જ્યાં વસ્યા તે સ્થળોએ કામ ધંધા કરતા વર્ચસ્વ વધતું ગયું, અને ત્યાં સ્થાઈ થતા અન્ય ભાઈઓને પણ ત્યાં બોલાવી સુખી કર્યા. આમ આપણા ગામડામાંથી આપણી વસ્તી ઓછી થતા થતા આજે નહિંવત રહી.

આજે કચ્છના ગામડાઓમાં જે પરિવારો રહે છે. એમાંથી જે નબળા પરિવારો છે, તેમને કચ્છ એકમ અનાજ વગેરે તથા મુંબઈ મહાજન આર્થિક સહાય આપીને ટકાવી રાખેલ છે. એવા વયોવૃધ્ધ જ્ઞાતિજનોથી ગામડામાં ક.દ.ઓ. વસ્તી છે.

કચ્છમાં હવે સમય બદલાયો છે. કામ ધંધા વધ્યા છે. આપણા જ્ઞાતિજનો પર્યુષણ પર્વમાં સારી એવી સંખ્યામાં પોત પોતાને ગામડે આવે છે અને સ્થાનીય ભાઈઓ સુખ - દુઃખની વાતો કરી લે છે. બહારગામનાં વસતા ભાઈઓ અન્ય પ્રસંગોએ બે - ચાર દિવસ આવે છે, પરંતુ ગામનાં આપણાં જ્ઞાતિજનોને સહાયતા ઉપરાંત જ્ઞાતિનો સાથ જોઈએ છે. આપણો વસવાટ, વડીલો થકી વધે.

હવે સમસ્ત મહાજન, કચ્છ એકમ, ગામનાં આગેવાનો જેમ વડીલો જતા ગામડા ખાલી થયા તેમ પાછા વડીલો ગામડામાં આવે એમ બહારગામ વસતા જ્ઞાતિભાઈઓને સમજાવે કે વર્ષમાં ત્રણ - ચાર મહિના આપણાં ગામે જાવ અને આવી રીતે સાંકળ જમાવવાની કોશીશ કરી આવન - જાવન વધારે તો તેમના બાળકો પણ વડીલોને મળવા ગામડે આવશે. આમ બારમાસી વસવાટ થતા આપણાં સમાજની વસ્તી ગામડામાં દેખાશે. સ્થાનીય કામ ધંધામાં રસ જાગશે. જેમ વિશા ઓસવાલ સમાજ - વાગડ સમાજનાં ગામડા વિકસ્યા તેમ આપણે પણ વિકાસનાં પંથે જઈશું.

હવે સવાલ આવશે કે વડીલોને ભોજનની તકલીફનો, તો જયાં ભોજનાલય ચાલુ છે, ત્યાં આવા પરિવારો માટે સબસીડી સ્કીમ ચાલુ કરવા માટે સમસ્ત મહાજન - કચ્છ એકમ અને એ ગામના આગેવાન શેઠશ્રી એ ખર્ચ ઉપાડી લે.

જ્યાં ભોજનલયો નથી, ત્યાં ગામનાંનબળા પરિવારો સંયુક્ત જવાબદારીથી રસોડાનો વહિવટ સંભાળી લે અને રસોઈ બનાવવી, અનાજ, શાકભાજી અન્ય જરૂરીયાતો લઈ આવે અને મહાજનશ્રીનાં રસોડે સંયુક્ત રસોઈ બનાવે. રસોઈ કે રસોઈ માટે કામદાર રાખવા કરતા પોતેજ પોતાનાં વાસણો વગેરે રસોઈ કરશે તો માસિક આઠથી દશ હજારની બચત થશે. કચ્છ એકમ જે ગામડામાં અનાજ વગેરે આપે છે તે સબસીડી રૂપે સયુંક્ત રસોડે આપે અને સમસ્ત મહાજન - ગામના શેઠશ્રીઓ આર્થિક યોગદાન આપે.

હવે વસવાટ માટે જેમનું મકાન ન હોય તો મહાજનશ્રી હસ્તકનાં અતિથિગૃહો જે વર્ષ દરમિયાન પર્યુષણ પર્વ દરમિયાનજ વપરાય છે તો બાકીના દિવસોમાં ખાલીજ રહે છે. તો તેમાં જ્ઞાતિ ભાવથી સામાન્ય ચાર્જ લઈને, અથવા તો અન્ય બંધ ઘરોમાં વસવાટ માટે સ્થાનીય મહાજન - આગેવાનો દ્વારા પ્રયત્ન કરાવવા સમસ્ત મહાજને પ્રયાસ કરવો જોઈએ.

આપણે જ્ઞાતિ લેવલે શહેરોમાં ઘણાં મેળાવડાઓ કરીએ છીએ. ખુબજ ખર્ચ થાય છે. જો થોડો ઘણો હીસ્સો આમ વાપરવાથી આ ગામડા પુનઃ આપણી વસ્તિવાળા થતા હોય, તો કચ્છ - એકમ, સમસ્ત મહાજને પોતાનાં માધ્યમથી, જ્ઞાતિ આગેવાનો, ગામડાનાં મહાજનશ્રીઓ - મુંબઈ મહાજન વગેરે અબડાસામાં આપણી વસ્તી થાય એવા પ્રયત્નો જરૂરથી કરે, તો ભવિષ્યનાં કે.ડી.ઓ નાં ઈતિહાસમાં આ સુવર્ણ અક્ષરે જરૂર નોંધ લેવાશે એવી અપેક્ષા સાથે.

***- નરેન્દ્ર રાઘવજી લોડાયા,***
***અમદાવાદ- બાંડીયા મો. ૦૯૭૨૭૦૯૭૭૨૧***

શુભેચ્છાસહ.....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## કે.ડી.ઓ. જાગૃતિનો જુવાળ
## વિદ્યાર્થીસંઘે કરાવેલા જલસાનો આનંદ

કાંજુરમાર્ગ ખાતે આપણી સોસાયટીના વિશાળ પ્રાંગણમાં શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘનો અનેરો આનંદ આપતા જલસાનો કાર્યક્રમ અતિ ઉત્તમ રહ્યો.

લગભગ ૩૫૦૦/૪૦૦૦ જેટલી આપણી મેદનીએ તેમાં લાભ નહીં - ભાગ પણ લીધો તેમ કહીએ તો ચાલે. તેમાં બે અઢી વરસથી ૭૦ વટાવી ચુકેલા મોટાએ પણ આનંદભેર પોતાનું કૌતુક દાખવ્યું.

શિસ્તબદ્ધ આયોજન અને અસલી કચ્છી ભાષાની મીઠી મધુરી વાણી અને મધથી મીઠાં અવાજવાળા રસીકભાઇ કૂદડીએ લોકોને પેટ પકડીને હસાવ્યા. સંઘની આ ટોપ ટીમનું ટાઇમ મેનેજમેન્ટ પણ ઉલ્લેખનીય રહ્યું.

દાતા પરિવારોનું આગવું સન્માન પણ સામુહિક સમાજમાં ઈમ્પ્રેસીવ રહ્યું. દાતાઓના દાનની ભૂરી ભૂરી અનુમોદના કરવા તેમને અને પરિવારનો સ્ટેજ પર ફુલના ગુલદસ્તાથી નવાજવામાં આવ્યા.

પ્રમુખ અનુજ ગીરીશ લોડાયા, ઉર્મિન જયેશ લોડાયા, હેમિલ જયેશ દંડ, હીતેન, તેજશ, એકતા,રાકેશ, નીકિતા, મિતલ નાગડા, મિતલ ધરમશી જેમણે ઘાટકોપર, ડોંબીવલી, કાંજુરમાર્ગ, ભાંડુપ, મુલુંડ, થાણે,મસ્જીદમાં પ્રસરેલી આપણી જ્ઞાતિને આનંદ આપતો એક મનોરંજક કાર્યક્રમ ઉલ્લાસમય વાતાવરણમાં સંપન્ન કર્યો.

શૈક્ષણિક ક્ષેત્રે કારકિર્દી પરિપુર્ણ કરી ચુકેલાને રેડ કારપેટ વેલકમ કરી પુરસ્કારથી નવાજવામાં આવ્યા. જીંદગીમાં કદાચ કોઇ ત્રણે પેઢીઓએ એકસાથે રસપુર્વક મનોરંજન કાર્યક્રમમાં ભાગ લીધો હોય તો તે તક અહીં વિદ્યાર્થી સંઘમાં જ મળી, જે તેમણે ઉલ્લાસ, ઉમંગ અને ઉત્સાહથી માણી..

ફેન્સી ડ્રેસમાં મમ્મી, પપ્પા સાથે નાચવા ગાવામાં કુમળી વયના બાળકોએ પણ રસપુર્વક ભાગ લીધો.

અસ્સલ હીરોઇન જેવા મેકઅપ કરી મ્યુઝીકના તાલે સુંદર મજાના નાચ-ગાન પીરસ્યા જેથી ભરચક ઓડીયન્સને ખૂબ મજા પડી ગઇ.

તેમાં સાઉન્ડ સીસ્ટમ પણ આપણાં કે.ડી.ઓ. ની જ હતી જે મનમોહક અને કર્ણપ્રીય રહી. ભરચક શ્રોતાઓથી ભરેલા વિશાળ પ્રાંગણમાં નાના મોટા સૌ કોઇની જલસા થઇ પડયા. ઓડીયન્સને મજા કરાવી દીધી. પ્રોગ્રામમાં સૌ કોઇનો પરફોર્મન્સ ફેબ્યુલસ હતો.

***- કુલીનકાંત ચાંપશી લુઠિયા,***


**નલિયા લોડાયા ગોત્રના**
**લોડાયા ફળિયા સ્થિત**
**શ્રી સચ્ચાઈ માતાજીની પહેડી**
**ચૈત્રી પુનમ શનિવાર**
**તા. ૦૪.૦૪.૨૦૧૫ ના**
**નલિયા ખાતે રાખેલ છે.**
**તો સર્વે ભાવિકોને પધારવા વિનંતી.**
સંપર્ક : **જયોત્સનાબેન** 08192231283



**શુભેચ્છા ના શ્રીફળે**







**મોટી ખાવડી**

**નાહુર**

## C. A. અવની કુણાલ રજનીકાંત ખોના

કુળદેવી શ્રી અંબામાં અને સરસ્વતી માતાની અસીમકૃપાથી અને વડીલોના આશીર્વાદથી અમારી ચિ. અ. સૌ અવની એ મક્કમ મનોબળ એકલવ્ય સમ એકાગ્રતા અને ભગીરથ પુરુશાર્થે **C. A Final** ની ડીગ્રીથી અલંકૃત થતાં ખોના કૂળની ગરીમાં સવાઈ કરી છો.

તારાનુર અને ઔજદો અને શિક્ષણનો વાસંતીક વૈભવ દશે દિશાએ "લહેર" થી ફેલાય. અંતરની આરતી એ.

**લિ. રાજશ્રી રજનીકાંત કુંવરજી ખોના** (મોટી ખાવડી)
**અંજના અશોક સોમૈયા** (તુણા)
**પ્રેમાબાઈ દેવશી ધ્રોળ** (માંડવી - કચ્છ)
**ઉષા સમીર ખોના**

## દેશ કી શક્તિ.... મહિલા શક્તિ




(રાજકોટ ગ્રામ્ય પોલીસના અધિક્ષકના પદ પર બદલી થયાના બહુ ટૂંકા સમયમાં **ગગનદીપ ગંભીરે** કેટલાંક આકરાં પગલાં લઈનો અધિકારીઓમાં ધાક જમાવી છે તો આરોપીઓને પણ આઘા - પાછા થઈ જવું પડે એવી સ્થિતિ સર્જી છે. આ અગાઉ એ ગાંધીનગર 'આણંદ તથા અમદાવાદમાં ફરજ બજાવી ચૂક્યાં છે. જો કે ગગનદીપ પોલીસમાં છે એ તો જાણે એક સંયોગ છે, કારણ કે એ શિક્ષણક્ષેત્રમાંથી પોલીસદળમાં આવ્યાં છે. એમની શૈક્ષણિક કારકિર્દી ઘણી ઉજ્જવળ રહી છે.

સોશિયલ સાયન્સ અને હ્યુમિનિટીસના અભ્યાસ માટે એમને બે ગોલ્ડ મેડલ સહિત કુલ પાંચ સુવર્ણચંદ્રક મળ્યા છે. લુધિયાણાની કોલેજમાં એ લેકચરર રહી ચૂક્યાં છે ને ઈતિહાસના વિષય સાથે 'પીએચ.ડી' પણ શરૂ કર્યું હતું, પરંતુ ત્યાં જ 'આઈપીએસ'ની પરીક્ષામાં એમની પસંદગી થઈ અને ચોક - ડસ્ટર મૂકીને કાયદાની છડી હાથમાં લઈ લીધી)

ભારતીય નાગરિક હોવાનું ગૌરવ તો સ્વાભાવિક રીતે આપણને હોવાનું, પરંતુ મને ગૌરવ છે કે હું ભારતમાં ઊછરી અને હવે પોલીસસેવામાં છું. ભલે સ્ત્રી એની વિટંબણામાંથી સાવ મુક્ત થઈ નથી, પરંતુ ગઈ કાલની સરખામણીમાં ભૂતકાળને જોઈએ તો આજે એની સ્થિતિ સુધરી ચોક્કસ છે અને મને વિશ્વાસ છે કે વધુ સુધરશે. જે રીતે દેશનું ચિત્ર જોઈ રહી છું એ રીતે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે સ્ત્રીની શક્તિ અને એની ઉન્નતિ જ દેશનું ભાવિ ઘડશે.

આપણે સકારાત્મક અભિગમ અપનાવીને દેશની સ્થિતિ જોઈએ તો હવે શિક્ષણ તરફનો અભિગમ વધી રહ્યો છે. ગ્રામ્યવિસ્તારમાં પણ દીકરીઓ ભણી રહી છે. અમે નાનાં હતાં ત્યારે જોતાં, અમારી જ ઉંમરની અનેક દીકરીઓ - છોકરીઓ ભણતર અધૂરું મુકી દેતી. દેશને, સરકારોને હવે એ સમજાયું છે કે છોકરીઓ ભણે એ પણ જરૂરી છે. ગ્રામ્યવિસ્તારોમાં હાઈ સ્કુલ સુધીનું શિક્ષણ પ્રાપ્ય છે.

હજી આપણા દેશમાં દહેજનું દૂષણ દૂર થયું નથી, પરંતુ એમાં કાયદો કે રાજકારણ કરતાં પણ સામજિક દૃષ્ટિકોણ વધારે જવાબદાર છે. ગામડામાં કે અમુક ચોક્કસ સમાજમાં દહેજનો કુરિવાજ છે. શહેરમાં કે સંપત્તિવાન લોકો વળી પોતાની દીકરીને લાડ કરવાના બહાને હોંશથી ભેટો આપે છે. એમની માનસિકતા પણ બદલાવવી પડશે. રહેતાં રહેતાં એમાં પણ પરિવર્તન આવશે.

હું ૨૦૦૫થી ગુજરાત પોલીસ સર્વિસમાં છું. અહીં તો સ્થિતિ આમ પણ ઘણી એટલે ઘણી સારી છે. નવરાત્રિ ઉત્સવને બાદ કરીએ તો પણ છોકરીઓ સલામત રીતે રાત્રેય હરી - ફરી શકે છે. રાજકોટમાં તો આ વાતાવરણ અનેકગણું સારું છે. પરંતુ દેશમાં અન્યત્ર પણ આ હાલત બદલાઈ રહી છે.

આપણે ૨૦ - ૨૫ વર્ષ પેહલાંની સ્થિતિનો પણ વિચાર કરીએ તો આજે ઘણો અલગ માહોલ છે. હું આ બધું દાવા સાથે એટલા માટે કહી શકું છું કે હું પોલીસ સર્વિસમાં છું અને ત્યાં સમાજના બદલાવ, સમાજના વર્તમાન વાતાવરણ અંગે બધું જ અમે નજીકથી જોઈ શકીએ છીએ. ગુજરાતના શાસનની વાત કરું તો મેં જ્યારે અહીં સર્વિસ શરૂ કરી ત્યારે પણ ચોખ્ખો વહીવટ હતો. અમારા કામમાં કોઈ દખલગીરી નહોતી અને ગોલ સેટિંગ - એક નિયત ધ્યેય સાથે અમે કામ શરૂ કર્યું હતું. આજે પણ એવું જ છે અને હવે તો ગુજરાતનાં મૂખ્ય મંત્રીપદે પણ મહિલા આવ્યાં છે. મહિલા સશક્તિકરણ એમની પણ અગ્રતા છે. એક મહિલા તરીકે ઉન્મત રીતે કામ કરી શકાય એવું વાતાવરણ દેશમાં અને ગુજરાતમાં છે.

આપણે વિશ્વની વાત કરીએ તો ભારત એક એવો દેશ છે, જ્યાં જ્યારે જ્યારે નારીને જે જવાબદારી આપવામાં આવી છે ત્યાં એ સફળ થઈ છે અને અત્યારે દેશની કેન્દ્ર સરકારમાં, જેને

મહત્વનાં કહેવાય એવાં હ્યુમન રિસોર્સિસ, લઘુમતી કલ્યાણ, વિદેશ જેવાં મંત્રાલય મહિલાઓ પાસે છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાનાં ચેરપર્સન નારી છે. કેટલીક બહેનો પાઈલટ છે. કોર્પોરેટક્ષેત્રમાં પણ સ્ત્રીઓ આગળ છે. અરે, ટીવી ચેનલોમાં પત્રકાર - એન્કર અને એરલાઈનનાં પાઈલટ તરીકે કેવી ત્વરાથી યુવતીઓ કામ કરી રહી છે! એક પણ ક્ષેત્ર એવું છે, જ્યાં આજે નારીશક્તિનો પરિચય, એનાં કૌશલ્યનો પરચો આપણને મળતો ન હોય? જે લોકો નારીની શક્તિને નથી સ્વીકારતા એ પણ અંદરખાને તો માની જ રહ્યા છે કે હવે સ્ત્રી કંઈ સેકન્ડ ક્લાસ સિટિઝન કે કોઈ નીચલી કક્ષાની નાગરિક નથી, પરંતુ એક સમાન કક્ષાએ છે.

આમ તો અમારી સર્વિસ તો ઓલ ઈન્ડિયા સર્વિસ ગણાય એથી અમે જ્યાં પણ જઈશું ત્યા હવે ગુજરાત મોડેલનો અમલ થતો જોવા મળશે. દેશના સંજોગો જેમ બદલાયા તેમ સામાજિક સ્થિતિ પણ બદલાઈ રહી છે એની અસર અમે જોઈ શકીએ છીએ. અમારું કાર્યક્ષેત્ર એવું છે કે સમાજના પીડિત કે દુઃખી વર્ગને પ્રત્યક્ષ રીતે અમે મદદરૂપ થઈ શકીએ છીએ. હું ઈચ્છું છું કે વધુમાં વધુ છોકરીઓ પોલીસ સેવામાં જોડાય. એનું કારણ છે મમતા, માતૃત્વ સ્ત્રીઓના પાયાનાં લક્ષણ છે. એમનામાં એ તત્વો જન્મજાત છે. હવે જો કોઈ ફરિયાદી આવે એને સહાનુભુતિથી સમજવામાં આવે, એમને સારી રીતે સાંભળવામાં આવે તો પોલીસની આખી અલગ ઈમેજ ઊભી થાય. લોકો જેમ ડોક્ટર પાસે જાય છે એવી જ અપેક્ષા લઈને પોલીસ પાસે જતા હોય છે. ન્યાય મેળવવાની એમની અપેક્ષા હોય છે અને એથી વધુ ને વધુ સ્ત્રી જો આ ફોર્સમાં જોડાશે તો માત્ર એમનું જ નહીં, સમગ્ર દેશનું ભવિષ્ય ચોક્કસ ઊજળું બનશે. એવું હું દઢપણે માનું છું.

હવે તો સરકાર સ્ત્રીઓ માટે કરાટે, રાઈફલ શુટિંગ જેવી તક પણ ઊભી કરી રહી છે. જેને લીધે એમનામાં આત્મરક્ષણ, સ્વસમ્માન અને આત્મવિશ્વાસ પ્રગટે, સ્ત્રીની સુરક્ષા પોલીસ, સમાજ, પુરુષો કરે એ સારી બાબત જ છે, પંરતુ સ્ત્રી પોતે પોતાની અને દેશની રક્ષા કરે એવું હું ઈચ્છું છું.

*- ગગનદીપ ગંભીર,*

*ચિત્રલેખાના આલ્ફા વુમન અંકમાંથી સભાર*


॥શ્રી ચંદ્રપ્રભ સ્વામી નમઃ॥

# પધારો પધારો ડોંબિવલી નગર
# શ્રી સિધ્ધચક્ર મહાપૂજન

## નલીયાવાસી આયોજીત મુંબઈના પ્રથમ વખત મહાપૂજન
## તાઃ ૦૧.૦૩.૧૫ રવિવાર બપોરના ૧૨.૩૯ ના શુભ મુહુર્તે

**નલીયાના સર્વ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.**

**આ પૂજન બાદ સાંજના ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે. દેશ પરદેશમાં વસતા ગામવાસીઓ તથા નિયાણી બહેનોને પધારવાનું છે. તો આ આમંત્રણ સ્વીકારી પધારશો.**

**પૂજનના લાભાર્થીઓ પૂજાના કપડામાં આવજો તથા હાલ વર્ષીતપ ચાલતા હોય એવા ગામવાસીઓ તથા નિયાણી બહેનો નીચેના કાર્યકરો પાસે નામ લખાવજો તો તપસ્વીઓને પણ પૂજનનો લાભ આપી શકાય.**

**લી. નલીયા વાસી ડોંબિવલી મિત્ર મંડળ વતી**

| | | |
|---|---|---|
| વિરેન્દ્ર લોડાયા :9821073830 | ચેતન નાગડા : 9820105078 | નરેશ છેડા : 8421656079 |
| મણીલાલ લોડાયા :9820175847 | ભદ્રીચંદભાઈ દંડ : 9320031493 | હિરાચંદ છેડા : 9321378999 |
| પ્રગ્નેશ નાગડા :8879129436 | અમીત ખોના : 9321705511 | પ્રવિણ ખોના : 8082044950 |
| પરેશ ખોના : 9820940486 | મયુર લોડાયા : 9833223846 | પ્રદીપ નાગડા : 9821855577 |

## ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજના

ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજનામાં એપ્રીલ ૨૦૧૪થી જાન્યુઆરી ૨૦૧૫ સુધી ૧૦ મહિનામાં નવા ૪૪૮ સભ્યો જોડાયા. ૨૩ સભ્યોનું અવસાન થયું તથા ૧૪૦ સભ્યો નિવૃત થયા. આ યોજનાનો લાભ લેનાર કુલ જ્ઞાતિજનની સંખ્યાનો આંકડો ૧૦.૦૦૦ નો અંક પાર કરેલ છે. અત્યાર સુધી કુલ ૧૦,૦૦૧ જ્ઞાતિજનો જોડાયા છે. અને અવસાન / નિવૃતિ બાદ કરતાં અત્યારે રોલ પર ૭૪૦૧ સભ્યો છે.

ક.દ. ઓ. વેલ્ફેર એસોસિએશનના રજત જંયતી વર્ષ નિમિત્તે સપ્ટેમ્બર ૨૦૧૫ સુધી સભ્ય પદ રૂા. ૨૦૦/- ની રાહત આપવામાં આવી છે.

અને ૦ થી ૫૩ વર્ષના જ્ઞાતિજનો એકજ વખત ફક્ત રૂા. ૨૦૦૦/- ભરી આ યોજનામાં જોડાય શકે છે. ૫૫ વર્ષની વય પહેલાં સભ્યનું અવસાન થાય તો વારસદારને રૂા. ૭૫૦૦૦/- અને અકસ્માતે અવસાન થાય તે વધારના રૂા. ૭૫૦૦૦/- અપાય છે. આમ પરોક્ષ રીતે દરેક સભ્યોને સાધર્મિક ભક્તિનો અનેરો લાભ મળી શકે છે. સ્વાર્થ સાથે પરમાર્થ પણ છે.

ફોર્મ / માહિતી માટે સંપર્ક : ઈમેલ : kdosss@yahoo.in
અથવા 08767753082, 9833068881,
9448090307, 8976017830

## મુળ હૈદરાબાદના એવા મહારાષ્ટ્રના રાજ્યપાલનું હૈદરાબાદની સંસ્થાઓ દ્વારા બહુમાન



મુળ હૈદરાબાદના એવા મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. એચ. વિદ્યાસાગર રાવ તાજેતરમાં હૈદરાબાદ પધાર્યા હતા. આ અવસરે હૈદરાબાદની સંસ્થાઓએ તેમનું સન્માન કર્યું હતું.

જ્ઞાતિ અગ્રણી સ્વ. રમેશ જાગીરદારના ફાઉન્ડેશન વતી રિદ્ધીશ રમેશ જાગીરદાર જસમત પટેલ અને મહેન્દ્ર શાહની ઉપસ્થિતિમાં તેમનું અભિવાદન કર્યું હતું.

શ્રી આદિનાથાય નમ:

## મંજલ રેલડીયા... મંજલ રેલડીયા ગામવાસીઓ તથા નિયાણી બહેનો

### ચાલો માદરેવતનમાં સંઘ સ્વરૂપે : મહોત્સવમાં જવા - આવવાનું ફ્રી આયોજન

### સુજ્ઞશ્રી મંજલ રેલડીયા ગામના ક.વિ.ઓ / ક.દ.ઓ. પરિવારો તથા નિયાણી બહેનો સહકુટુંબ જોગ...

આપણાં શ્રી સંઘની તા. ૧ ફેબ્રુ ના ભાંડુપમાં મળેલ જનરલ સભામાં : નવ જાગૃતિ - નવી દિશા પ્રાપ્ત થયા મુજબ, આપણાં ગામના જિનાલયની ૧૩૩મી વર્ષગાંઠ - ધ્વજારોહણનો પ્રસંગ (વર્ષગાંઠ : ૨૯.૪.૧૫) ત્રિદિવસીય મહોત્સવ સાથે ભવ્યતાથી ઉજવવાનું નક્કી થયેલ છે. જેમાં અઢાર અભિષેક, દરરોજ નીતનવી રાત્રી ભાવના સાથે અન્ય ધાર્મિક કાર્યક્રમ તથા સાધર્મિક ભક્તિ રહેશે. તો આપ સૌને સહ પરિવાર બહોળી સંખ્યામાં 'મંજલ રેલડીયા' મધે મહોત્સવમાં સહભાગી થવા સપ્રેમ આમંત્રણ છે.

**મુંબઈથી પ્રસ્થાન : ૨૬.૪.૧૫ કચ્છથી રિર્ટન : ૨૯.૪.૧૫**

રૂા. ૧૦૦૦ રિફંડેબલ ડિપોઝીટ ભરીને, આપના નામ તા. ૧૬.૨.૧૫ સુધી નીચેના ભાઈઓ પાસે લખાવવા વિનંતી. (ડિપોઝીટ સ્થાનિકે રિફંડ અપાશે.)

શ્રી લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસર : કે/ઓ :વલકલ એનક્સ : શોપ ન. ૨ ૧૩૫, મોહમદ મંજિલ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૪૦૦૦૧૪. : 09820352391 / 24104224

પ્રફુલ ધનજી લોડાયા : ડી - ૯૦૩, જોય હોમ, દેનાબેકની પાછળ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મો. 09920560032 / 25961045

**લિ. શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના જય જિનેન્દ્ર**

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચાંદ લાપાસીયા પરિવારના સાથવારે તા. ૨૦.૦૨.૧૫ ને શુક્રવારના સવારના ૧૧ વાગ્યા થી ૨ દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટીની ક્લિનીક, શ્રી અનંતનાથ કોમ્પલેકસ (જૈન કોમ્પલેકસ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (ઈસ્ટ) માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ, મોબાઈલ નં : ૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશનના રૂ.૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ : ૧૮.૦૨.૧૫ ત્યારપછી નામ લેવામાં આવશે નહીં.

ખાસ નોંધ : હાડકાંના દર્દીઓને ફક્ત કાંજુરમાર્ગ આવવું. ચેમ્બુર ખાતે દર્દીઓને બિલ્કુલ લેવામાં નહીં આવે એ વાતનું ધ્યાન રાખવું.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ શનિવાર તા.૨૧.૦૨.૧૫ સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૪ સુધી તથા રવિવાર તા.૨૨.૦૨.૧૫ના સવારના ૯ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્કઃ શ્રીમતી શ્વેતા મિતેશ શાહ મોબાઈલ નંબાર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

**ત્રીસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. કેશવજી શામજી ધરમશી**

(સાંધાણ)

અરિહંત શરણ તા. ૧૫-૦૨-૧૯૮૫

તમારા સ્મરણો ગુણો, ભીંજવે અમ હૈયું,
ને હૈયું ભીંજવે અમ આંખ....તમારા પદચિન્હે ચાલી,
તમારા ગુણોને ગ્રહીએ,
એજ રહી છે અમ હૃદયમાં યાદ...

**શોકાતુર :**

પત્ની : કસ્તૂરીબાઈ કેશવજી શામજી ધરમશી
પુત્રવધુ - પુત્ર : સ્વ. પ્રભાબેન નિતીન કેશવજી ધરમશી
પુત્રવધુ - પુત્ર : અ.સૌ. માલતી કેતન (રાજુ) કેશવજી ધરમશી
દિકરી - જમાઈ : અ.સૌ. જયોતી જયેન્દ્ર ગાલા (છસરા)
પૌત્ર - પૌત્રી : અંકિત, હિતેશ, કેવલ, કરન, નિકીતા (સોનુ)
દોહિત્ર : સૌરભ જયેન્દ્ર ગાલા
અને આપનો સમસ્ત ધરમશી પરિવાર (સાંધાણ)

ઝવેરી બજારની

**જ્યોતિ**

હવે માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) માં પણ...

ફેશનપ્રિય સન્નારીઓ
લગ્નસરાની સાડીઓમાં વર્ષોથી પ્રખ્યાત
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) ની
મુલાકાત જરૂર લો.

• ઘરચોળા • પાનેતર બોર્ડરો
અને ડિઝાઈનર સાડીઓની લેટેસ્ટ
વેરાયટીઝ માટે પધારશો

૨૮, ગની મેન્સન, દુકાન નં-૧, અરોરા સિનેમાની પાછળ, માટુંગા (સે.રે), કિંગ સર્કલ, મુંબઈ - ૧૯

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરી બજાર, ખારાકુવા સામે, મુંબઈ - ૦૨ ટેલી : 22413995/22402786

• માટુંગા 24043995 • ઝવેરી બજાર 22413995

કિશોર પોલડીયા 9322258574

## ઝુકી તો



## જવાય નો!

### જમાઈ હો તો ઐસા! કન્યા કે વડીલોં કી મુશ્કેલી સમજે ઐસા!

આજના જમાનામાં દીકરા-દીકરીના લગ્ન કરવા એ એક અતિ ખર્ચાળ અને આડંબરનો અવસર છે.એમાંય એક દીકરીના બાપ માટે તો કરમતોડ પ્રસંગ છે. કેમ કે આપણા રીતિ રિવાજો એમ કહે છે, કે લગ્નનો ખર્ચ તો કન્યા પક્ષને જ કરવાનો.

હાલમાં જ આમાં અપવાદ કહેવાય એવો એક પ્રસંગ બની ગયો. અમારા પરિવારમાં એક અત્યંત સુંદર, સુશિક્ષિત, જોબ કરતી કન્યાનું વેવિશાળ એક અત્યંત સાધન સંપન્ન પરિવારમાં થયું.

જેમ-જેમ લગ્નની તારીખ નજીક આવતી ગઈ તેમ-તેમ કન્યાના માતા-પિતાને ચિંતા થવા લાગી. આટલો મોટોગ જા ઉપરાંતનો ખર્ચ કેમ કરીશું? પણ અમારા ભાવિ જમાઈને આ વાત સમજતાં વાર ન લાગી એમણે પોતાના વડીલોને વાત કરી અને તેઓ પણ તરત સહમતિ દર્શાવી કહી દીધું કે લગ્નનો પૂરે-પૂરો ખર્ચ અમે ઉપાડીશું. તમે કોઈ ચિંતા કરશો નહીં અને ખરેખર ખૂબ ધામધૂમથી લગ્ન કરાવીને સમાજમાં દાખલો બેસાડયો.

આ ખૂબજ અનુમોદનીય પ્રસંગ છે.આ માટે અમે સૌ ચિ. મિખિલ મણીકાંત ધમરશી તથા એમના માતા-પિતા શ્રીમતી મીનાબેન તથા શ્રી મણીકાંતભાઈ રતનશી ધમરશીને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

આવા સુંદર અનુમોદનીય કાર્ય કરનાર સમક્ષ ઝુકી તો જવાય ને ?....

***- શ્રીમતી હંસા નિતીન મોતા - મુલુંડ***

---

### લગ્ન સંબંધી

મુંબઈ (નાલાસોપારા) સ્થિત, કુંવારા, કે.ડી.ઓ. લોડાયા કુટુંબના, ૫'-૬ ઉંચાઈ, વજન ૬૨ કે.જી., મલ્ટીમીડીયા, ડોપ્લોમા પાસ, સારી આવક તથા સ્વતંત્ર ૪૫૦ ફ્લેટ ધરાવતા, સુખી કુંટુંબના યુવક માટે યોગ્ય કન્યાના વડીલો સંપર્ક કરેઃ **મો. 9819547206 / 9819547297**

---

॥ શ્રી મોમાઈ માતાય નમઃ ॥

॥ મહાકાલી માતાય નમઃ ॥ ॥ સુરાપુરા દાદાય નમઃ ॥

## શ્રી ડાઘા માલદે ખેરાણી પરિવાર દ્વારા આયોજીત દલતુંગી (હાલાર) ૮મી પહેડી

**દલતુંગી ગામે બીરાજમાન ડાઘા માલદે ખેરાણી પરિવારના કુળદેવી શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી ૮મી પહેડીનું આયોજન વિક્રમ સવંત ૨૦૭૧ વૈશાખ સુદ છઠ્ઠનાં તા. ૨૪.૪.૨૦૧૫ ના રોજ શુક્રવારના દલતુંગી મુકામે રાખવામાં આવેલ છે.**

**તો આપ સર્વે કુટુંબીજનો તથા નિયાણી બહેનો દીકરીઓ ભાવિકોને સહકુટુંબ પહેડી પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**● લાભાર્થી દાતાશ્રી પરિવાર ●**

**માતુશ્રી લાખબાઈ મેઘજી નાથાભાઈ માલદે સમસ્ત પરિવાર**

**નિમત્રંક : અ.સૌ. રમિલાબેન મહેન્દ્ર મેઘજી માલદે**

**લિ. ડાઘા માલદે ખેરાણી સમસ્ત પરિવાર**

**ડાઘા માલદે યુવા મિત્ર મંડળ**

**ના જય માતાજી**

## બાંડીયા - નેત્રા વચ્ચે જોવાલાયક "ભમનું ભોયરું"

બાંડીયાથી નેત્રા જતાં ડુંગર વચેથી રસ્તો જાય છે. જે "ધાર" તરીકે ઓળખાય છે. ધારની નીચે ઉતરતાં ગુપ્તેશ્વર મહાદેવ તરફ જવાના રસ્તાનું બોર્ડ દેખાય. જ્યાં પ્રખ્યાત ભમનું ભોયરું બાંડીયાથી ૩ કી.મી. નેત્રાથી ૨ કી.મી.ના અંતર ઉપર આવેલ છે. ૫૦ - ૫૫ વર્ષ પહેલાં પગપાળી યાત્રા કરતા સાધુ રામગીરી પ્રેમગીરી ગોસ્વામીને ડુંગરની કોતરોમાં વીરડા (વરસાદમાં પાની ભરાયેલ) પાસે ગુફા નજરે પડતા ત્યાંજ આસન લગાવી બેસી રહ્યા. આવતા ગામવાસીઓને ધુણીની રાખ પ્રસાદી તરીકે આપતાં ભમ ગીરનારી બોલતા. જેથી આ સ્થાન ભમના ભોંયરા તરીકે ઓળખવા લાગયા.

વીરડામાં ખોદતા પાણી મળતું પછી કુવો અને અવાડો બનાવતાં પશુપાલકોને ઉપયોગી થયું. ગામવાસીએ એનો વિકાસ કરવા શિવપુરાણકથાનું આયોજન કર્યું, સાથે વ્યવસ્થા કરવા.

ગીરનારી યુવક મંડળની રચના કરી. જેમાં બાંડીયાના સક્રિય કાર્યકર રાજેન્દ્ર કુંવરજી લાલકા ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે.

ગુફામાં જવા વીરડા ઉપર પાકો પુલ, સામે જમીન ઉપર સત્સંગ હોલ, સાધુ સંત માટે કુટ્ટીર, સાધના કુટ્ટીર પુજારી માટે રૂમ, મુખ્ય ગેટ, ચબુતરો, હનુમાનજી મંદિર, બાપા સીતારામ કુટ્ટીર, સભાખંડ, પશુમાટે અવાડો, બગીચો, બાળકો માટે રમતગમતનાં સાધન, લીમડા, પીપળા - વડ - આંબાના ઝાડ છે. લાઈટ સાથે પાણીનાં ફુવારા જંગલમાં મંગલ જેવું વાતાવરણ શ્રાવણ મહિનામાં મેળા જેવો માહોલ, દરવર્ષ ૭ જુલાઈનાં ઉજવણી કરવામાં આવે છે.

બાંડીયામાં ૧૫૦ વર્ષ પુરાણું શ્રી વિમલનાથજીનું ભવ્ય દેરાસર છે. સાથે અતિથીગૃહની વ્યવસ્થા છે. બાંડીયા નેત્રા - વાયા રવાપર માતાજીનાં મઢ ફક્ત અડધા કલાકમાં જઈ શકાય છે. સાથે ભમના ભોંયરાની મુલાકત લેશો.

*સંકલન - તિલકલાલ - બાંડીયા (કચ્છ મિત્ર)*

॥ જયશ્રી સચ્ચાઈ માતા ॥ ॥ જયશ્રી ભલારા દાદા॥

**ભલારા દાદા ભાવિક ગ્રુપ - વરંડી**

**શ્રી ભલારા દાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીને મોટી વરંડી (કચ્છ) સ્થાનકે નમતા સર્વે ભાવિકો જોગ**

પુનઃપ્રતિષ્ઠા પછીની પાંચમી પહેડી રવિવાર તા. ૨૨. ૦૨. ૨૦૧૫ના મુલુંડ મધ્યે સવારના ૯.૩૦ થી ૨.૦૦ સુધી રાખેલ છે.


**-: પહેડીના સૌજન્ય દાતા :-**
**માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા પરિવાર**
**હસ્તે સુશીલાબેન વિરચંદ તથા**
**ગીતાબેન રમેશ લોડાયા**
**મંજલ / સુથરી (કચ્છ) - હાલ ડોંબિવલી**

**કાર્યક્રમઃ ૧ સ્થાપના, ૨ પહેડી - ભાવના, પ્રસાદ ૩ સભા-અહેવાલ, સંવત ૨૦૭૨ માગશર સુદ ૫ ની ધ્વજા ચડાવવાનો આદેશ.**

**સ્થળ : બાલાજી (ગોપુરમ) હોલ,**
**જ્ઞાન સરિતા સ્કુલની બાજુમાં,**
**ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વે)**

**આપ સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ ભાવભર્યું આમંત્રણ.**


Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જૂના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

## નધણિયાતું કંડલા પોર્ટ

માલ - સામાન હેરફેરની દ્રષ્ટિએ દેશમાં પ્રથમ નંબર ધરાવતા મહા બંદર કંડલાના ચેરમેન તરીકે પી.ડી. વાઘેલાની મુદત પૂર્ણ થતાં તેઓ ગુજરાત સરકારની સેવામાં પરત ગયા તેને એક વર્ષ વીતી ગયા છતાં નિયમિત ચેરમેનની નિયુક્તિ નથી થતી. એટલું જ નહીં ડેપ્યુટી ચેરમેન અને ફાઈનાન્સ એડવાઈઝરની જગાયે લાંબા સમયથી ખાલી પડી હોવાથી નિર્ણયો લેવાની પ્રક્રિયા સ્થગિત થઈ ગઈ છે.

કેન્દ્રમાં ભાજપની સરકાર આવતાં પરિસ્થિતિ સુધરશે એવી આશા યે ઠગારી નીવડી છે. કંડલા ટ્રાન્સપોર્ટ એન્ડ ડોક વર્કર્સ યુનિયન થોડા સમય પહેલાં શિપિંગ મંત્રીને આ બાબતે લેખિત રજુઆત કરી હતી, ગાંધીધામ ચેમ્બર પણ અવાજ ઊઠાવી ચૂક્યું છે.

સવાલ એ છે કે ભારતના પ્રથમ ક્રમના બંદર માટે આવી બેદરકારી શા માટે? હદ તો ત્યાં થઈ ગઈ કે ઈન્ચાર્જ ચેરમેન તરીકેની જવાબદારી જેમને સોંપાઈ છે એ મુંબઈ પોર્ટ ટ્રસ્ટના અધ્યક્ષ રવિ પરમારની મુદ્દત પૂર્ણ થઈ ગયા પછી તેમને એકસટેન્શન ઓર્ડર પણ નથી આવ્યો. ટૂંકમાં બધું અદ્ધરતાલ થઈ ગયું છે.

ત્રણસો જેટલી ફાઈલો અટવાયેલી હોવાથી વપરાશકારોમાં નારાજગી વધી રહી છે આ પરિસ્થિતિના પરિણામ સ્વરૂપ ૨૨મી જાન્યુઆરીએ મળનારી ટ્રસ્ટી બોર્ડની બેઠક પણ રદ કરી દેવી પડી છે. અત્યારે કેન્દ્ર સરકારની નીતિ, ખાનગીકરણ તરફી છે ત્યારે સારે દેખાવ કરતાં મહાબંદરને અનિર્ણાયકતાની સ્થિતિમાં લાવી મૂકવું સારી વાત નથી.

અહીં એ નોંધનીય છે કે કચ્છ અને ગાંધીધામ સંકુલના વિકાસમાં કંડલા બંદરનો ફાળો મહત્વપૂર્ણ છે, ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના આવેલા ધરતીકંપ પછી કચ્છનું નસીબ પલ્ટાયું ને સરકાર તથા કચ્છી પ્રજાના પુરુષાર્થથી અભિશાપને આશીર્વાદમાં પલ્ટાવ્યો મોટા ઉદ્યોગો સ્થપાયા પરંતુ એ પુર્વની વાત કરીએ તો માળખાકીય સવલતો જે કંઈ ઊભી થઈ એનું શ્રેય કંડલા બંદરને જાય છે. ધોરી માર્ગો, રેલવે, હોટેલઉદ્યોગ, પરિવહન ઉદ્યોગ તેમજ આનુષાંગિક ઉદ્યોગો આ બંદરને લઈને જ વિકસ્યા છે એ રખે ભૂલાતું.

આવક અને માલપરિવહન ક્ષેત્રે કંડલા બંદર મોખરે છે. વર્ષ ૨૦૧૩ - ૧૪ દરમ્યાન ૮૭.૦૦૫ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગ કરીને કંડલાએ સતત છઠ્ઠા વર્ષે દેશના મહાબંદરોમાં નંબર એકનું સ્થાન જાળવી રાખ્યું હતું. એજ વર્ષમાં માલ સામાન હેરફેરના રૂા. ૭૪૪ કરોડ અને અન્ય ૨૬૩ કરોડની આવક મેળવી હતી. આ આંકડા દર્શાવે છે કે કંડલા પોર્ટ સમગ્ર દેશના અર્થતંત્રમાં નોંધનીય પ્રદાન કરી રહ્યું છે એ જોતાં તેની જાળવણીની, વિકાસની માવજત લેવાવાની જરૂર છે.

ભારત - પાકિસ્તાનના વિભાજન પછી કરાચી બંદરના વિકલ્પ રૂપે કંડલા બંદરના નિર્માણની દૂરંદેશી સરદાર પટેલને હતી. ૨૦ મી જાન્યુઆરી ૧૯૫૨ ના રોજ તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ પાયાવિધિ કરી અને ૮મી એપ્રિલ ૧૯૫૫ના તત્કાલીન પરિવહન મંત્રી લાલબહાદુર શાસ્ત્રીએ મહાબંદર ઘોષિત કર્યું. આવો ભવ્ય ઈતિહાસ ધરાવતા કંડલા બંદરે તેના વ્યુહાત્મક ભૌગોલિક મહત્વને લઈને ઝડપી પ્રગતિ સાધી છે. અત્યારે દેશ ઔદ્યોગિક ક્ષેત્રે પ્રગતિની હરણફાળ ભરવા આતુર છે.

તાજેતરમાં જ વાયબ્રન્ટ ગુજરાતમાં અબજોના મુડીરોકાણનું વચન મળ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેઈક ઈન ઈન્ડિયા નો મંત્ર અસરકાર બનાવવા આતુર છે. આ સંજોગોમાં કંડલા જેવા મહાબંદરે વિશેષ ભૂમિકા ભજવવાની છે. ખાનગી બંદર સાથેની સ્પર્ધા ગળાંકાપ છે. તુણા બંદરને મોટાપાયે વિકસાવાઈ રહ્યું છે. ત્યાર કંડલાને દ્રષ્ટિવાન ગતિશીલ નેતૃત્વની જરૂર છે. કેન્દ્રીય શિપિંગ મંત્રી નીતિન ગડકરીએ દેશના પશ્ચિમ ખુણાના મહત્વપુર્ણ પ્રતિષ્ઠાન ભણી દ્રષ્ટિ કરવી રહી.

કચ્છના સાંસદે આ માટે પોતાની સક્રિય ભૂમિકા ભજવીને ચેરમેનપદ તથા ખાલી પડેલા અન્ય હોદ્દાઓ પર કાયમી નિમણૂકના પ્રશ્નનો નિવેડો લાવવો રહ્યો.

એક વાત સમજાતી નથી કે ગુજરાતમાં અને દેશમાં એક જ પાર્ટીનું સંકલન કેમ સાધી શકાતું નથી? કંડલા નબળુ પડશે તો એ કચ્છ, ગુજરાત કે દેશના હિતમાં નહીં હોય!

*- કચ્છ મિત્રનો તંત્રી લેખ, (ટુંકાવીને)*

## હાય રે છૂટા-છેડા...!! છોકરો ડીને છૂટા-છેડા (૧)

કાલ ત બધે છેડા-છેડી ને અજતાં કે છૂટાછેડા;
કીં ભુલીવેં તું ઉ ઢોલ શરણાઈજી શુભ વેળા?
ફિરધાહુઆંસી ચોપાટીતેં, ભેરી ખાધી ભેર;
આઈસક્રીમ ને કુલફીજી, માણ્યો વડી સેર.
સજાયોં સોનેરી સપના, સિનેમા નાટક ન્યારે;
'હીરો - હીરોઈન' ભન્યાશું, રૈ હિકડે બેજે સહારે.
ગલે લગાય મુંકેને, અખિંયેંમેં વિજી અખ્યું;
ન્યારીંધો હોંય તું મુંમેં, સુંદરતાજ્યું મૂર્તિયું.
પ્રેમસેં હથમેં વિજી હથ, ફિર્યાસી મુંબઈ નગરી;
યાદ ન આવઈ સુખજી, ઉ સોહામણી ઘડી?
પ્રેમજી લટેમેં લપેટાય ને વેરાયવે હૃદયજે દ્વાર;
અજતાં તુચ્છકારો ડઈ કરે, કઢેં ઘરનું બ્હાર.
પવિત્ર બંધનસે બધી, કરાય પ્રેમજો અભિષેક;
છેવટ છડે છૂટીવેં, કેળો નફરતજો અતિરેક?
જીવનજા કોડ યાં અધૂરા, રઈ વ્યા કઈ અરમાન;
અર્ધાંગના જો અનાદરકેં, કીં ભુલીવે પિંઢજો ભાન?
સદા સુહાગણ ભનેલી, હાણેં ત થઈશેં અભાગણ;
હાય! કેળી અશુભ વેળા? કેર કરીંધો નિવારણ?

—રશ્મિન ખોના (મુંબઈ)

## હાણે ત છૂકરી પ ગિને છૂટા-છેડા...!! (૨)

કીં ભુલી વૈયેં સપ્તપદીજા, ડીનેલ મીળે વચન?
નિંઢે-નિંઢે કારણે છૂટા-છેડા, સત ભવેંજા કુલા તોળે બંધન ...૧
તોંજા અરમાન પુરા ન થ્યા, તેંલા તું મારીયેં મેણા ટોણા
ફોકટ વ્યા મુંજા સજાયેલા, કઈ લાખેણા સોણા! ...૨
તુંતા મુંકે બાધો ભનાય, લડે વૈયેં માયત્રે થૈ શાણી
માયત્રેમેં રૈ પિંઢજી જિંદગીજી, હથેં કરે કેં ધૂળ ધાણી ...૩
સહનશીલતાજી મૂર્તિ ચોવાજે નારી, હી-ત-તકડી ભારી
ગાલ-ગાલમેં સામું બોલે, હીનકે કીં ચોવાજે સન્નારી? ...૪
પિંઢ ત પિંઢકેજ પરીપૂર્ણ જાણને, મીળે મુંજાજ કઢે વિઠી વંગ
હેળી જાુંઢીસે પનારો પે ત, ભગવાન પણ થૈ વિને તંગ ...૫
મુંજી માં સહનશીલતાજી મૂર્તિ ને, હી ત ડરામણી આકૃતિ
બ્યો કોય મિલ્યો હોત તો જાણેવે ધુનિયાજી કેળી આય વૃત્તિ ...૬
કુરો માયતર હેળી ડીના વા શિખામણ? ક હેળા ડીના વા સંસ્કાર?
સાવરેં માયત્રેંજો નાં બોળે, ને કરે ડીને તેંજો બહિષ્કાર ...૭
મુંજો જીવતર ઝેર કેં, પિંઢ પણ ન પામધી અમૃત
'રશ્મિન' ચેંતો નેભાઈ છૂટજે સંબંધ કે, તેંકેં કડેં ન કજા વિકૃત ...૮
વિદેશી સંસ્કૃતિ અપનાઈધે, કપડા પહેરાજેતા ટૂંકા ને મન પણ થ્યા ટૂંકા
સ્વચ્છંદીતા વધે ને નરૈ સહનશીલતા, તડેં અજખેણા પેંતા છૂટે-છેડાજા ધૂંકા ...૯

(વંગ - વાંકગુનો)

—રશ્મિન ખોના (મુંબઈ)

શ્રી ચંદ્રપ્રભુસ્વામી નમઃ | શ્રી શાંતિનાથાય નમઃ

# ગોએરસમા - બારોઈ ધ્વજા મહોત્સવ જાહેર નિમંત્રણ

## બન્ને ગામવાસીઓ તેમજ નિયાણી બહેનો જોગ

પ.પૂ.અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદય સાગર સુરીસ્વરજી મ.સા., પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આર્શિવાદથી શ્રી કુમુદ કિરણાશ્રીજીના સુશિષ્ય શ્રી પાર્શ્વકિરણાશ્રીજી તેમજ શ્રી વિરવંદનાશ્રીજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં તેમજ વિધિકાર શ્રી નરેન્દ્રભાઈ નંદુના માર્ગદર્શનમાં ગોએરસમા - બારોઈ મધ્યે ફાગણ વદ ૧ તા.૦૬.૦૩.૧૫ના રોજ તથા ફાગણ વદ ૨ તા. ૦૭.૦૩.૧૫ના રોજ દ્વિદિવસીય મહોત્સવ યોજેલ છે.

**ફાગણ વદ ૧ તા.૦૬.૦૩.૧૫ના રોજ બન્ને જિનાલયમાં**
**અઢાર અભિષેક તેમજ**
**ફાગણ વદ ૨, તા.૦૭.૦૩.૧૫ના રોજ બન્ને જિનાલયનો**
**ધ્વજારોહણ યોજેલ છે.**

**આ જાહેરાતને નિમંત્રણ સમજીને પધારવા કૃપા કરશોજી.**

આવનાર ગામવાસીઓએ અગાઉથી જાન કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

અશોક પોલડીયાઃ 09422212250, ભુપેન્દ્ર ડાઘાઃ 09819883522
ઉપેન્દ્ર ગોસરઃ 09323199335, પ્રવીણ મોમાયાઃ 09425089966

## TEEN TWINKLE

Compilations And Contributions by

Mrs. Neelam Dalesh Momaya M/s. Damji Bhimji Co, Station Road, Chalisgaon – 424101, Jalgaon District.

**The roots of vices**

It was an interesting place. A business port. Many arrived and many departed. A landloard stayed there. named Maneklal Sheth. He had only one son… Jeevanlal. Once Jeevanlal was riding on a horse. He wandered around the town and then rode outside the city. When he reached a forest the horse suddenly went wild. He could not be controlled by his rider. It rode more swiftly. They arrived at a place which was new and strange to Jeevanlal. He was not aware of where he was and what to do. After he calmed down he decided to get out of the forest as soon as possible.

But the path was new and the jungle confused him all the more. Jeevanlal was irritated with the heat. Thirst haunted him. He looked all around. But water could be seen nowhere. If I don't get water now I will die. That was his condition.

He searched for water more vigourously. There he noticed a mushy pool. He knew the pool had bad water. Unfit to drink. But without drinking he would die. He pressed his nose and gulped down the water. He was relieved temporarily. Slowly inquiring about the road routes he fortunately reached home safe. At night great pain engulfed his stomach. All efforts to ease failed. All vaids, haqims, faqirs were called but to no success…

Then an experienced man came in. He took all the details from the patient "how did the pain start? When? What did you do the whole day? What did you eat? Drink"? He took in all the details. After hearing everything the experienced man soon realized that the pain was due to the dirty muddy water drunk by him. He himself visited the pool, scrutinized it. And realized the truth.

Returning to town. He offered medicated water to the patient. Immediately he vommitted, again he offered the water and again he vomitted, This went on till his stomach was washed out. Slowly the pain started to ease. Jeevanlal became composed. "If just four sips of contaminated water which has entered into our stomach can make us uncomposed and unhealthy, then think about the dirty vices that have accumulated on our soul."

It is then no wonder that vices like anger, dishonesty, greed have spread their roots on our souls and are making us crippled. But the irony is that vices are not still troubling us. Not still giving us pain. Not giving us discomfort.

That's why we are peacefully preserving these and going on with our life. When these vices will disrupt, create disharmony. Only then we get irritated and tired of their disturbance. Only then we will turn towards the golden words of our Mahaveer Prabhu.

If we get treated from true practitioners only then the pain will ease. Until and unless we drink the medicated water in the form of the religious discourses of our God, till then we will not vomit our vices from our body. Once we do that our life will be pure, our soul will be viceless and liberated.

**PROVERBS ARE LAMPS TO LIFE**

Patience is a bitter plant that gives a sweet fruit.

***there is only one proof of ability-action

***making a mistake is not wrong but repeating one is ..

**AMAZING FACTS ABOUT CHAMELEONS**

THERE ARE 78 MAIN AND 50 SUBSPECIES OF CHAMELEONS.

2) THEIR EYES ARE CAPABLE OF BOTH INDEPENDENT AND COORDINATED MOVEMENT.

3) THE PYLOS CHAMELEONS OF PYLOS LAGOON IN GREECE ARE 43 CMS IN LENGTH

4) THE ROMANS OF EGYPT USED TO KEEP CHAMELEONS AS PETS.

**THINK OVER IT**

THERE WILL BE NO PROGRESS IN THE WORLD AS LONG AS THERE ARE CHILDREN WHO ARE UNHAPPY.

***SMALL CHILDREN DISTURB YOUR SLEEP, BIG CHILDREN YOUR LIFE

***IN THAT FAMILY WHERE THE HUSBAND IS PLEASED WITH HIS WIFE AND HIS WIFE IS PLEASED WITH HER HUSBAND, HAPPINESS WILL ASSUREDLY BE LONG LASTING.

## COMPETITION

*TILAKCHAND LODAYA (Chennai)* **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

Since few years whenever I meet and discuss with most of the business people, they, with a sigh, say that, " their business is in a bad shape because of COMPETITION". imports from China, opening of Malls, e- commerce, large players with deep pockets, Rules and regulations, finance problems etc. are the main culprits for their dark days .

This induced me to do some research on the word 'COMPETITION' and its role in human societies.

The English word 'competition' links to the Latin origin of the word competition – Con Petire, which means ' to search together'.

It is obvious that the world of competition was never to cut each others' throat, but to intensely search for excellence. The objective is to stop commonplace and arrogance; to grow together in honour, respect and gratitude towards consistent never-ending improvement. If only we succeed in understanding the true meaning of the word 'competition', the world will become a safer, progressive, successful and a happier place to live in.

Competition is always perceived as a pain. When the going gets tough in the market place because of strategies or policies of the competition, the phrase used to describe the scenario is 'cut throat' competition- as if competition denotes 'destroyer'. The reality more often than not is that there is a limitation in our understanding or in our response to the changing scenarios in the marketplace. The competitor has understood or responded better than us. They could grab or create opportunities better than us.

Respect and honour opponents for they are always helping you to become better. They are guiding you to bring best out of you. God has given you few precious jewels hidden inside. Competition helps you to dig these jewels out. If we get ego involved with your competitors, you become weak, lose focus and alertness. You also lose on Happiness. Competition makes you to emerge stronger and wiser.

So convert the disadvantage in to an advantage and move on to prosperity. Competition is a blessing in disguise to bring out your latent potential and make us better.

## ગદગમાં મહાજનની કબજો મળ્યો



ગદગનાં પાર્શ્વનાથ માર્ગને છેડે આવેલી મહાજનની માલિકીની કીસ્ટપ્પા હોટલનો કબજો મેળવવા ૧૦ વર્ષની કાનૂની લડત બાદ છેવટે હાઈકોર્ટનો ચુકાદો આપણી તરફેણામાં આવતાં મહાજનશ્રીને પોતાની જગ્યાનો કબજો મેળવવમાં સફળતા સાંપડી હતી. રવિવાર તા. ૧૮.૦૧.૧૫બાં ઉપરોક્ત કબજો મળેલ જગ્યામાં મહાજનશ્રી તરફથી સ્નાત્રમંડળની બહેનો દ્વારા સ્નાત્રપૂજા ભણાવવામાં આવી હતી.

સ્નાત્રપૂજા સંપન્ન થયા બાદ શ્રી પાર્શ્વ કે.ડી.ઓ.હોલમાં સન્માન સમારંભ યોજાયો હતો. આ જગ્યા મેળવવા કાનૂની કાર્યવાહી કરનાર વકીલ શ્રી ઉમેશ શાંતિલાલ ધરમશી તથા મહાજનશ્રીનાં સેક્રેટરી શ્રી સતીશ પ્રવિણચંદ લુઠીયાનું મહાજનનાં પ્રમુખશ્રી નવિનચંદ શામજી લાલકા તથા અન્ય પદાધિકારીઓએ સ્મૃતિચિહ્ન આપી સન્માન કર્યુ હતું. આ પ્રસંગે ઉપપ્રમુખ શ્રી હરીશ શિવલાલ મુનવર તથા જોઈન્ટ સેક્રેટરી શ્રી સુધીર જવેરચંદ સોની મંચ પર ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ સંપન્ન થયા બાદ મહાજનશ્રી તરફથી સ્વામી વાત્સલ્ય (ભોજન) ની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

વસંત એટલે યૌવન અને નવસર્જનની ઋતુ, આ વર્ષની વસંત આપણા સૌના જીવનમાં નવો ઉમંગ ભરી દે એવી શુભકામના.
તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## શબ્દાનંદ

### આડી ચાવી

૧. સતી પ્રથા બંધકરી, પુનર્વિવાહ ના પ્રણેતા (૯)
૬. તારૂણ્ય, યુવાની (૩)
૮. એક ગાયક (૮)
૧૨. એક છોકરાનું નામ (૩)
૧૩. બાળકોની ભાષામાં ખાવાનું (૨)
૧૪. ચોખાની બનાવટ, ભેળ માટે જરૂરી (૩)
૧૫. કર્જ લેવું (૨)
૧૬. સેવન કરવું, પાન કરવું(૨)
૧૭. વિવિધ... (૩)
૧૮. મતલબ, અર્થ (૨)
૧૯. સૂકાવેલું આદુ (૨)
૨૦. જીદ (૨)
૨૧. અમન - શાંતિ હોય તેવું રાજ્ય (૪)
૨૨. લપ, આ.. પકડ ગલા (૨)
૨૩. મુખ્ય રાણી (૪)
૨૪. સરોજ, પંકજ, નલિન (૩)
૨૬. ગંધ (૨)
૨૭. ખટરાગ, અબોલા (૫)
૨૮. અર્થ એટલે કે... (૪)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | ૫ | | ■ |
| ૬ | | | ■ | ■ | | ■ | | ■ | ૭ |
| | ■ | ૮ | ૯ | ૧૦ | | ૧૧ | | | |
| | ■ | ૧૨ | | | ■ | ૧૩ | | ■ | |
| ■ | ૧૪ | | | ■ | ૧૫ | | ■ | ૧૬ | |
| ૧૭ | | | ■ | ૧૮ | | ■ | ૧૯ | | ■ |
| ૨૦ | | ■ | ૨૧ | | | | ■ | ૨૨ | ૨૨અ |
| ૨૩ | | | | ■ | | ■ | ૨૪ | | |
| ■ | ■ | ■ | ■ | ૨૫ | ■ | ૨૬ | | ■ | |
| ૨૭ | | | | | ■ | ૨૮ | | | |

### ઊભી ચાવી

૧. ગાંધીજીની સમાધી (૪)
૨. એક ટાપુ (૨)
૩. એક ફિલ્મ ()
૪. હમામ ને ગોઠવો (૩)
૫. ગામડાની ભાષામાં નમસ્તે (૪)
૭. વિયોગમાં ઝુરવું (૪)
૯. એક ખ્રિસ્તી અટક (૩)
૧૦. રામનો એક પુત્ર (૨)
૧૧. વર, પતિ, (૩)
૧૪. વાનર, (૪)
૧૫. વસંત ઋતુ (૪)
૧૬. આધાર આપવો ( હિન્દીમાં) (૪)
૧૭. ભારતીય જનતા પાર્ટીનું ટુંક રૂપ (૩)
૧૮. સુવર્ણ (૨)
૨૧. રાજાને ગમી તે કોણ (૨)
૨૨(અ). બેનમુન (૪)
૨૪. એક ધાતુ (૩)
૨૫. આદત (૨)
૨૬. ડાબું (૨)

*- સરલાબેન હંસકુમાર નાગડા (માટુંગા)*

## PLAY : 1 TO 25

| | | | | |
|---|---|---|---|---|
| | | 25 | | |
| | | 20 | | |
| | 21 | 12 | 14 | 16 |
| | | 3 | | |
| 1 | | | 6 | |

Fill the Empty Boxes with consecutive Numbers in Immediate Next Box Which May be Vertical or Parellel or Cross - Up or Below.


આ પઝલને ઉકેલવાના નિયમો આ મુજબ છે : બાજુના બૉક્સમા કેટલાક આંકડા આપ્યા છે, તેને એકદમ નજીકના સમાંતર કે ઊભી કે ત્રાંસી દિશામાં એવો આંકડો મૂકવાનો છે જે ક્રમવાર તેના પછી આવતો હોય.

Answer


| | | | | |
|---|---|---|---|---|
| 23 | 24 | 25 | 19 | 18 |
| 22 | 11 | 20 | 13 | 17 |
| 10 | 21 | 12 | 14 | 16 |
| 9 | 8 | 3 | 4 | 15 |
| 1 | 2 | 7 | 6 | 5 |

શબ્દાનંદ : ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રા | જા | રા | મ | મો | હ | ન | રા | ય | ■ |
| જ | વા | ની | ■ | ■ | મ | ■ | મ | ■ | ત |
| ઘા | ■ | રૂ | પ | કુ | મા | ર | રા | ઠો | ડ |
| ટ | ■ | પ | રે | શ | ■ | મ | મ | ■ | પ |
| ■ | મ | મ | રા | ■ | ઋ | ણ | ■ | પી | વું |
| ભા | ર | તી | ■ | હે | તુ | ■ | સૂં | ઠ | ■ |
| જ | ક | ■ | રા | મ | રા | જ્ય | ■ | બ | લા |
| પ | ટ | રા | ણી | ■ | જ | ■ | જ | લ | જ |
| ■ | ■ | ■ | ■ | ટે | ■ | વા | સ | ■ | વા |
| અ | ણ | બ | ના | વ | ■ | મ | ત | લ | બ |

## ABDASA (KACHCHH) GAUSHALA TRUST



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ધ્વજારોહ સમારંભમાં

શ્રી લાલા તીર્થે ધ્વજારોહણ ઉત્સવ તા.૨૪.૦૧.૧૫, શનિવાર વસંત જ્ઞાન પંચમીના ઉજવાયો. વિધિકાર વ્યાસજી દ્વાર સત્તર ભેદી પૂજા ભણાવવામાં આવેલ. આ શુભ અવસરે સારી સંખ્યામાં (આશરે ૪૫ જણા) ગામવાસીઓ હાજર રહેલ.

સ્વામી ભક્તિ તેમ જ પ્રભાવનાનો લાભ શ્રીમતી હિરાવંતી કુસુમકાંત ટોકરશી નાગડા તેમ જ શ્રીમતી લતાબેન સુર્યકાંત હીરજી દંડે લીધેલ.

નીયાણીબેન શ્રીમતી ધનલક્ષ્મી ચંદુલાલ ધરમશી (શાયરા) વાળા તરફથી ત્રણ ટીલડીઓ અર્પણ કરવામાં આવેલ.

## શ્રી શાંતિજિન મારવાડ - મેવાડ યાત્રા

સાંધવવાસીઓ તેમજ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના ભાઈ - બહેનો મળી ૫૫ જણે મારવાડ/મેવાડ યાત્રા પ્રવાસ કરેલ

તા.૨૩.૦૧.૨૦૧૫ના ટ્રેનમાં ચૌવિહારનો લાભ માતુશ્રી મીઠુબાઈ લાલજી પટેલ સાંધવ. તા. ૨૪.૦૧.૧૫ના સવારના નૌકારશીનો લાભ શ્રી વિરચંદ મેઘજી ખોના (સાંધવ) લિધેલ. ઉદયપુરથી બસ દ્વારા, કેશરીયાજીના દર્શન. બપોરના સાધર્મિક ભક્તિનો લાભ વિજયાબેન ગોસર, બારોઈ એ લિધેલ. જુના દેલવડામાં ચાનો લાભ નવિનભાઈ લોડાયા -કિશોર લોડાયા સાંધાવ વાળાએ, શ્રીનાથજીના દર્શન કર્યા. ચૌવિહારનો લાભ શ્રી દિનેશ કેશવજી લોડાયા. (આરીખાણા)એ લીધેલ. રાત્રી મુકામ રાણકપુર.

તા. ૨૫.૦૧ ના નૌકારશીનોલાભ અમિતા મોમાયા. (જખૌ) અને ગીતાબેન કીરીટ લોડાયા, (સાયરા) એ લીધેલ. પાલી, દેસુરી, સાદડી, ઘાણેરાવ, મુછાળા મહાવીર, નારલાઈ, નાંડોલ,

## ભુજપુર મહાકાલી મંદિરે ધ્વજા ઉત્સવ

શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર સાલગીરી ધ્વજા ઉત્સવ મહાસુદ ૧૨ તા. ૩૧.૧.૨૦૧૪ શનિવારના ઉજવાયેલ.

મંદિરમાં શ્રી ચકેશ્વરીદેવી, શ્રી મહાકાલી દેવી શ્રી પદમાવતી દેવી, શ્રી અંબાજીદેવી, શ્રી મહાકાલી દેવી, શ્રી ગૌતમ સ્વામીજી, શ્રી પુજ્ય ગુરૂદેવ અને શ્રી ઘંટાકર્ણ મહાવીર, દેવઓ બધી મુર્તિઓના મહા અભિષેક તેમજ શ્રી નવગ્રહ, શ્રી દશ દિકપાલ પૂજન માતાજીનું ભગવતી મહાપુજન, શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ પૂજન - હવન, બધી મુર્તિઓના શણગાર અલંકાર આંગી ચુંદડી થી દશવિધ પૂજા થયેલ. ૬ દેરીઓની ધ્વજા સાથે પુજન થયા.

આ અવસરે મા. શ્રી હેમાંગ ધરમશી, શ્રી ચેતન મોતા, શ્રી સમીર નાગડા, શ્રી કેતન નાગડા, શ્રી પ્રતાપ લોડાયા, શ્રી કલ્પેશ મોતા ઉત્સવ સહયોગી રહેલ. ધ્વજા બાદ લાડુની પ્રભાવનાનો લાભ શ્રી નિતીન ધરમશી, શ્રી હેમેન્દ્ર લોડાયા અને શ્રી પિયુષ નાગડા લીધેલ.

બન્ને દિવસ જીવદયા ગામના તેમજ પાંગળા પોલના જાનવરોને લીલો ચારો પંખીને ચણ આપવામાં આવેલ.

ધ્વજા ઉત્સવ માટે મુંબઈથી - કોચીનથી મસુરથી, કચ્છ ગુજરાત તેમજ ગામજનો ભાવિકો પધારી ઉત્સાહથી લાભ લીધેલ. આવેલ સૌનો હર્ષવર્ધને સત્કાર આભાર વ્યક્ત કરેલ.

પૂજન યતિશ્રીએ કરાવેલ આ વરસે નુતની કરણુ જીર્ણોદ્ધાર શ્રી મંદિરનો મંડપ વિશાળ બન્યો હોઈ ભાવિકો ઉત્સાહથી લાભ લીધેલ.

પુણ્ય અવસારે પધારવા માટે શ્રી અનંતનાથજી દેરાસરજી સાધારણ ખાતાના ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો પૂજ્ય યતિએ અનુમોદના શુભેચ્છા આભાર વ્યક્ત કરી, ગાદી અને મંદિર માટે સૌને ઉદારતાથી સહાયોગ આપવા જણાવેલ. બન્ને દિવસ ખુબજ ભાવથી ભાવિકોને લાભ લેવા પધારવા માટે આભાર વ્યક્ત કરેલ.

વરકાણા, રાણી આદિ તિર્થોના દર્શન. બપોરના સાધર્મિક ભક્તિનો લાભ ઠાકરશી લાલજી પટેલ સાંધવ, બપોરની ચા દિનાબેન મૈશેરી, (મોટી સિંધોડી),.

સાંજના પાલીરોડ ઉપર અચલગચ્છનો ગૌત્તમ ગુણવિહાર દેરાસરની પ્રતિષ્ઠા મહોત્સવમાં પ.પૂ.આચાર્ય કલાપ્રભસાગરજી મ.સા.ને તેમજ પ.પૂ.વિપુલગુણાશ્રીજી મ.સા. ના વંદન કરી ચૌવિહારનો લાભ આપી. પાલી તીર્થના દર્શન કરી રાત્રે ઓસીયાજી મુકામ.

તા.૨૬.૦૧. ના દેવદર્શન પૂજા કરી. માતાજી સચ્ચાઈના દર્શન કરી પેડી પ્રસાદનો લાભ આપી જોધપૂરના દેવદર્શન કરી, બપોરના ટ્રેન દ્વારા પ્રયાણ. સવારના નૌકારશી, સાધર્મિક ભક્તિ, બપોરના ચા, સાંજના ટ્રેનમાં ચૌવિહારનો લાભ શ્રીમતી ચેતનાબેન પ્રવિણ મોતા સાંધવએ લીધેલ. બસમાં સિંગ ભુજીયા, મગદાર, વેફર, ભેલ, ગાંઠીયાના પેકેટ શ્રી દામજી નરશી દંડ સાંધવ. પીપર / ચોકલેટ, ચીકી, ક્રિમ બિસ્કીટ, વેફર બિસ્કીટ, કેડબરી તેજેશ અને શ્રેયા પ્રવિણ મોતા સાંધવવાળા લિધેલ. બસમાં વિવિધ ગેમો, હાઉજી ધાર્મિક પેપર વગેરે રમાડવામાં આવેલ. તેમાં ૨૫ ઈનામ વિજયાબેન ગોસર, બારોઈ અને ત્રણ ઈનામ જયાબેન મોમાયા વરાડીયા.

તા.૨૭.૦૧ ના ટ્રેનમાં સવારે નૌકારશી દેવણાંધ ચત્રભોજ લોડાયા સાંધવ હસ્તે મિનાક્ષીબેન ભારતીબેન નિલમબેન સર્વે તિર્થમાં દેવ દર્શન પૂજા સર્વેજણ લાભ લિધેલ. ધાણેરાવ તિર્થમાં દિક્ષાર્થીના કપડાં રંગવાનો તેમજ ગીતો ગાવાનો લાભ ગ્રુપના બહેનોએ લિધેલ.

## સખીવૃંદ પુના

સખીવૃંદ પુનાની મિટીંગ ૩૧ જાન્યુઆરીના મીતાબેન લાલકાના ઘરે યોજાઈ. તેમણે વ્યક્તિત્વ વિકાસનો વિષય પસંદ કરેલ.

ડીસેમ્બરની મીટીંગમાં લેવાયેલ વિવિધા - ૨ પર્યાવરણ, કરકસરની કાસોટીનું પરિણામ જાહેર કર્યું. જેના વિજેતા ગ્રુપ - ૧ માં પ્રથમ ચાંદની લોડાયા, દ્વિતીય હીનાબેન રતાણી તેમજ ગ્રુપ - ૨ માં પ્રથમ મીરાબેન મોમાયા, દ્વિતીય નલીનીબેન લાપસિયા ઘોષિત થયા, એમને ઈનામ અપાયા. વિવિધા શ્રેણીના ૩ જા મણકામાં સામાન્ય જ્ઞાનની લેખિત કસોટી લેવાઈ.

વ્યક્તિત્વ વિકાસનું પ્રથમ પગથીયું છે કે ખુશ રહો. આનંદિત રહેવાના ઘણા ફાયદા છે.

જિંદગીમાં સુખ દુઃખ ચડાવ - ઉતાર તો આવ્યા કરે.

કોઈ અનિચ્છનીય ઘટના ઘટે તો એ મારા પર જ કેમ? એ વિચાર ભૂંસી નાખો, પરિસ્થિતિનો સામનો કરો.

### વ્યક્તિત્વ વિકાસ

વ્યક્તિત્વ ૧. આંતરિક ૨. બાહ્ય ૩. શિષ્ટાચાર. અમુક લક્ષણો, કોષો માંનવીને વારસામાં મળે છે, તો અમુક લક્ષણો વાતાવરણને અનુરૂપ કેળવાય છે. જ્યારે અમુક સમાજના શિષ્ટાચાર મુજબ અપનાવાય છે ● બાહ્યમાં કદ રૂપ રંગ વગેરે સમાય છે. એ મુજબ પહેરવેશ તથા શ્રીંગાર કરવા જોઈએ. શિષ્ટાચાર જરૂરી છે ● પહેરવેશ, ઉઠવા - બેસવાની રીતભાત, વર્તન વાણી વગેરે કેવા હોવા જોઈએ એ ધ્યાન રાખવું જોઈએ.

● હસ્તધુનન ઉમળકાભેર કરવું જોઈએ ● હમેશા સારા કાર્યોની પ્રશંસા કરવી.

● વાતચીત સકારાત્મક, રસિક હોવી જોઈએ. ફોનપર, ખરીદી સમયે, હોસ્પિટલમાં, હોટલમાં, ટેબલ પર કેવી રીતે વર્તવું એનું ખાસ ધ્યાન રાખવું જોઈએ ● નાના વર્ગના સભ્યો સાથે માયાળુ વર્તન રાખવું જોઈએ ● વ્યક્તિત્વની ઈમારતનો પાયો તો નાખેલો જ છે. પરંતુ એના વિકાસ માટે નાની નાની સમજણ કેળવીએ તો મજબુત ચણતર જરૂર કરી શકીએ.

***- મીતાબેન લાલકા***

## શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ

શ્રી વરાડીયા જૈન મહિલા મંચનો ૮ મી વાર્ષિકોત્સવ રવિવાર તા. ૧.૨.૧૫ના શેઠ શ્રી ન. ના. હોલ, ભાંડુપ મધે રંગમંગે ઉજવાયો.

હોલ તથા ડેકોરેશનના સૌજન્ય દાતા સૌ. ગીતાબેન તથા શ્રી વિનોદ વીરચંદ ડાઘાએ દીપ પ્રગટાવ્યો.

## પરસ્પર સહમતિથી છૂટાછેટા

પ્રતીક કિશોર લાલકા હાલે અમદાવાદ અને કિરણ હીરાચંદ ખેતશી મોતા ડોંબિવલી એ કુટુંબના વડીલોની ઉપસ્થિતિમાં પરસ્પર સહમતિથી છુટાછેડા લીધા છે.

જ્ઞાતિની દીકરી સૌ. ચેતના હરીયાએ સરસ ગેમ રમાડી. નવા વર્ષના ૯૫ સભ્યોને આકર્ષક રીર્ટન ગીફ્ટ આપવામાં આવેલ. ગેમ તથા રાસગરબા, ડ્રેસ વગેરે માટે પણ ઘણા ઈનામો અપાયા. સૌ. વિજયાબેન હરીશ ડાઘા, સૌ. અલકા ચેતન ડાઘા તથા સૌ. મમતા હેમંત મોમાયા દરેકે રૂા. ૨૦૦૦/- ની ભેટ મંચને આપેલ.

## શ્રી ડાઘા મોમાઈમા મિત્ર મંડળ (વરાડિયા)

વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમાઈ માતાજીની મુંબઈમાં ૨૩મી પહેડીનું આયોજન રવિવાર તા. ૧.૨.૨૦૧૫ ના ભાંડુપમાં શેઠશ્રી નરશીનાથા સભાગૃહમાં ભુવાશ્રી આણંદજી ભાણજી ડાઘાની હાજરીમાં થયું.

આ વર્ષના દાતા માં ભાગ્યવંતીબેન વીરચંદ પદમશી ડાઘા તથા મા. પ્રેમીલાબેન કુલીણકાંત પદમશી ડાઘા એ લાભ લીધેલ.

પહેડીમાં સારી સંખ્યામાં માતાજીને નમતા ભાવિકો, નિયાણીબેને તથા દાતા પરિવારના કુટુંબીજનો હાજર રહેલ. સ્ટેજ પર મંદિરની સજાવટ તથા ભક્તિ ભાવના શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળે સુંદર રીતે કરેલ.

આવતા વર્ષે સં. ૨૦૭૨ ની પહેડીનો લાભ મા. મધુરીબેન શામજી રતનશી ડાઘા પરિવારે લીધેલ છે, એવી જાહેરાત થઈ.

વરાડીયામાં શ્રી મોમાઈ માતાજીના મંદિરની ધ્વજા રવિવાર, તા. ૨૨.૩.૨૦૧૫ ના તથા શ્રી દાદા ભલારા મંદિરની ધ્વજા મંગલવાર તા. ૨૪.૩.૨૦૧૫ ના છે.

## શ્રી અંકુશ મિત્ર મંડળ દ્વારા નવરાત્રીની ઉજવણી

ડોંબીવલી પશ્ચિમમાં ગાવંદેવી વિસ્તારમાં રહેતા ક.દ.ઓ. જ્ઞાતિજનોના અંકુશ મિત્ર મંડળ દ્વારા તાજેતરમાં શનિવાર તા. ૧૪.૨.૧૫ના ડોંબિવલી ઈસ્ટ સ્ટાર કોલનીમાંના આશાપુરા મંદિરથી થાણા કાપુરબાવડી આશાપુરા ધામની પદયાત્રાનું આયોજન થયું છે.

આ મંડળ આસોની નવરાત્રિની પણ જોરદાર ઉજવણી કરે છે. જેનો ૧૫૦૦ થી ૨૦૦૦ ભાવિકો લાભ લે છે. આરતી - રાસગરબા ઉપરાંત મહારાજને બોલાવી અનુષ્ઠાનો કરાવવામાં આવે છે.

ડોંબિવલીમાં પરંપરાગત સંસ્કારોને જીવંત રાખતી આ મંડળની પ્રવૃતિઓ માટે ગુજરાતી સમાજના પણ પ્રમુખ પરેશ જયંતીલાલ માલદે, માનદ મંત્રી હિમંત જેઠાલાલ લાપસીયા, સહમાનદ મંત્રી ભાઈચંદ લખમશી ખોના ખજાનચી કિરીટ કાંતિલાલ લોડાયા ઉપરાંત મુખ્ય કાર્યકર્તાઓ પ્રફુલ વિનોદકાંત મોતા, મનિષ ઉત્તમચંદ માલદે, વિજય જેતશી લોડાયા, અરવિંદ બાબુલાલ ધરમશી, કાંતિલાલ વિરજી શીયાડ અને રોહિત મણિલાલ ધરમશી ખાસ જહેમત લે છે.

## શ્રી લાલા સાંધવ દંડ પરિવારની શ્રી ગજોડવાલા નાગરજા સતોની (છઠી) પહેડી

શ્રી લાલા - સાંધવ દંડ પરિવારની શ્રી ગજોડવાલા નાગરજા સતો ની ષષ્ટમ (છઠ્ઠી) પહેડી તા. ૧.૨.૧૫ રવિવારના શ્રી અનંત સિદ્ધિ - ભાંડુપ એસી હોલમાં ઉલ્હાસ પૂર્વક ઉજવાઈ.

બંન્ને ગામનાં ભાવિકો તેમજ નિયાણી બહેનો સહ પરિવાર સારી સંખ્યામાં પધાર્યા હતા. અતિથી વિશેષ હતા. શ્રી છત્રપતી દંડ (મલ્કાપુર) તથા શ્રી વિનોદભાઈ ડાઘા (વરાડીયા) શ્રી રમેશભાઈ લોડાયા એ બંન્ને ગામનાં દંડ પરિવારના ઈતિહાસની ઝાંખી કરાવી.

૭૦ વર્ષથી ઉપરની વયના વડીલોનું તેમજ બંન્ને ગામનાં ૩૪ તેજસ્વી તારલા (વિદ્યાર્થી) ઓનું બહુમાન મહાનુભવો દ્વારા કરાયું.

પહેડીના આદિ સ્થાપકો તથા છઠ્ઠી પહેડીના


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

● સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
● રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676



શુભેચ્છાઓ સહ...

સાંધવ રત્ન

શ્રી મુલજી રાઘવજી લોડાયા

MRL Group of Companies

લાભાર્થી શ્રી શામજી નરશી દંડ, શ્રી નવીનભાઈ હીરજી દંડ, શ્રી હીરાચંદ નરશી દંડ અને શ્રી મણીલાલ પદમશી દડં - ઈંદોરનું સન્માન કરવામાં આવેલ.

શ્રી શામજીભાઈ દંડે હાલમાં શ્રી અખીલ ભારત અચલગચ્છ જૈન સંઘમાં પ્રમુખ તરીકે જે ઐતિહાસિક નિર્ણય લીધો તેમજ શ્રી નવીનભાઈ દંડ શ્રી મર્કન્ટાઈલ કોપરેડીંગ બેંકમાં ફરીથી બીન હરીફ ચેરમેન તરીકે ચૂંટાયા તેમ જ વેરાવળ સોમાનાથ સ્કુલો - કોલેજમાં આજીવન ટ્રસ્ટી તરીકે નિમંણુક થયા બદલ તેમનું અભિવાદન કરવામાં આવ્યું.

ઉપરનાં ચાર લાભાર્થી પરિવારો એ આગામી સાતમી પહેડી માટે પણ પોતાના નામો જાહેર કરેલ છે. નવા લાભાર્થી માતુશ્રી માનબાઈ વાલજી પુનશી દંડ લાલા, શ્રી નરશી આંપશી દંડ (ડોંબીવલી) - સાંધવ.

ભુવા શ્રી દિનેશભાઈ દંડ અને ભુઈમાં શ્રીમતી સરલાબેન ખુશાલ દંડની નિશ્રામાં પહેડી યોજાઈ. સનિષ્ટ કાર્યકર્તાઓ શ્રી રાયચંદભાઈ, શ્રી સમીરભાઈ, શ્રી સુર્યકાંતભાઈ, શ્રી મહેશભાઈ, શ્રી પ્રમેશભાઈ, શ્રી રાજાભાઈ એ કાર્યક્રમ સફળ કરવામાં સહયોગ આપ્યો.

શ્રીમતી ચેતના હરીયાની સંગીત પાર્ટીએ પહેડી પ્રસંગોચિત ગીતોની તથા બહેનોએ રાસ - ગરબાની રમઝટ બોલાવી.

## ધર્મપ્રભસાગરજી મ.સા. સોલાપુર (મહારાષ્ટ્ર) પધાર્યા

સોલાપૂર જૈન શ્વેતાંબર સંઘના આંગણે શ્રી આદિનાથ દાદાના દરબારે સૂરિત્રયના આજ્ઞા આશિષો મહાતપસ્વી પૂ. મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. મુનિશ્રી રાજશેખર સાગરજી મ.સા. મુનિશ્રી ધર્મશેખર સાગરજી મ.સા. તા. ૧૯.૧.૧૫ ના પધાર્યા.

દીક્ષાર્થી મહિતાબેન ના. વરસીદાનના વરઘોડા સાથે બહુમાનના કાર્યક્રમ માં નિશ્રા પ્રદાન કરેલ.

## 'અંકલેશ્વર જી.આઈ.ડી.સી નગરે ૨૮ મી ધ્વજારોહણ કાર્યક્રમની ઉજવણી'

અંકલેશ્વરમાં પોષ વદ બીજ મંગળવાર તા. ૦૬.૦૧.૨૦૧૫ના શુભ દિવસે ૨૮માં ધ્વજારોહણ નિમિત્તે શ્રી સત્તરભેદી પૂજા તથા શ્રી અઢાર અભિષેક પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. ધ્વજારોહણની ઉછામણીનો લાભ ૧૨૦૦૬ મણમાં લીલબાઈ માણેકજી દંડ પરિવાર લીધેલ. બપોરના ૧૨.૩૯ મીનીટે દાદાના શિખરે પ્રભાવિક મંત્રો શ્લોકોના પાઠ, માંગલિક સ્તોત્રો, શરણાઈના સૂર, ઢોલના પડઘમ અને સંગીતની સુરાવલીઓ સથવારે ભક્તિના માહોલમાં ભાગ્યશાલી પરિવાર દ્વારા ધ્વજા ચઢાવવામાં આવી. વિધી વિધાન તથા સંગીત માટે શ્રી કૌશિકભાઈ - નવસારીથી પધારેલ. શ્રી સંઘ તરફથી સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

## શ્રી ક.દ.ઓ.જૈન એકતા મહિલા મંડળ ગાંધીધામ

શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ, ગાંધીધામ દ્વારા 'મેળાવડા' નું આયોજન તા.૧૧.૦૧.૦૧૫ શનિવારે કરવામાં આવ્યું હતું. તેમાં કમીટી મેમ્બર્સમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. તે નીચે મુજબ છે.

**પ્રમુખ**: મીનાબેન મહેશભાઈ લાલકા, **ઉપપ્રમુખ**: દિપ્તી ધમરશી, **સેક્રેટરી:** ભાવિની દંડ, **જોઈન્ટ સેક્રેટરી**: દિપ્તીબેન લોડાયા, **ખજાનચી**: લીપીકા મૈશેરી, **સહખજાનચી:** મૃદુલાબેન નાગડા,

**કારોબારીમાં**: કલ્પનાબેન મોતા, પદમીનીબેન નાગડા, લતાબેન, આશાબેન અને તરલાબેન ધરમશી

**નવા કારોબારી મેમ્બર:** ફાલ્વી નેવિલ

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

લોડાયા, ભક્તિ દેવાંગ મોતા, સેજલ દિપેશ મૈશેરી

ત્યાં મીનાબેન લાલકાએ સૌને આવકાર્યા હતા. અને લીપાબેન મૈશેરીએ પ્રોગ્રામ હેન્ડલ કર્યો હતો. લીપાબેને અને કલ્પનાબેને ગેમ્સ રમાડી હતી.

વેજી ટેબલ ગેમના વિજેતા - ૧) બીનાબેન ધમરશી ૨) હેમાલી મોમાયા, શેર માર્કેટના વિજેતા - ૧) વિમલાબેન ૨) જયાબેન ૩) બીના ૪) સપનાબેન ૫) વિજયાબેન ૬) પૂજા ૭) બિજલબેન ૮) દિપાલીબેન ૯) જશ્માબેન

કલર ગેમના વિજેતા - નૂતનબેન લોડાયા ત્યારબાદ હાઉસી પણ રમાડી હતી અને અલ્પાહાર લઈને સૌ છૂટા પડયા હતા.

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જયચંદ ભવાનજી મુનવર** | નીલકંઠ નગર, એસ.આર.એ.સોસાયટી લિમીટેડ, બિલ્ડીંગ નં ૩ એ-૬૦૬, ૬ ઠ્ઠે માળે, દેવીદયાલ રોડ, બી.પી.કોર્સ, રોડ નં ૨, અંબાજી ધામની નજીક, બેંક ઓફ ઈંડિયાની સામે, મુલુંડ (પ) મુંબઈ - ૪૦૦ ૦૮૦ |
| **કલ્પેશ જયચંદ મુનવર** | માતોશ્રી ભવન, ફ્લેટ નં.૩૬, ૫ મે માળે, કીશન નગર નં -૧, થાણા (પ) ૪૦૦ ૬૦૪ |
| **મયંક જી.મોમાયા** | ૩-બી, હોરીઝોન કો.ઓ.હૉ.સો., ૮૧, પાલી હીલ, નરર્ગીસ દત્ત રોડ, સેન્ટ. એનીસ સ્કુલની આગળ, બાંદ્રા (પ) મુંબઈ - ૪૦૦ ૦૫૦ |
| **હીરાચંદ ચંદુલાલ ખોના** | પુરબાઈ જૈન ધર્મશાળા, નાની શાક માર્કેટ, મુ.પોસ્ટ, પાલીતાણા, જીલ્લો ભાવનગર ૩૬૪૨૭૦ |
| **તેજસ પ્રવિણચંદ લોડાયા** | ઈ-વિંગ - ૪૦૪, ૪થે માળે, સત્યમેવ રીવેરા, ઈનફોસીટીની સામે, ગિફ્ટ સીટી રોડ, રાનદેશન, ગાંધીનગર-કોબા હાઈવે, ગાંધીનગર-૩૮૨૦૧૦ |
| **મુલજી શામજી મૈશેરી** | રૂમ નં એ/૧૦૪, સાઈ સૃષ્ટિ અપાર્ટમેન્ટ, એ વિંગ, ૧ લે માળે, સાંગ્રીલા બિસ્કીટની નજીક, ભાડુંપ (પ) મુંબઈ - ૭૮ |
| **કાંતિલાલ એલ.વિકમશી** | ૧૨, કવિતા શિવરામ સોસાયટી, દેવીદયાલ રોડ, વુડ લેન્ડ હોટેલની સામે, મુલુંડ (પ) મુંબઈ - ૪૦૦ ૦૮૦ |
| **ધવલ યોગેન્દ્ર વેલજી ખોના** | ડી-૬૦૪, મારી ગોલ્ડ સોસાયટી, ગુંડેચા વેલ્લી ઓફ ફ્લાવર, ઠાકુર વિલેજ, એવરસાઈન ગાર્ડનની નજીક, કાંદિવલી (પૂ) મુંબઈ - ૪૦૦ ૧૦૧ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **તેજસ પ્રવિણચંદ લોડાયા** | **09909983557** | **કલ્પેશ જયચંદ મુનવર** | **09820167363** |
| **જયચંદ ભવાનજી મુનવર** | **09819445185 / 09833925440** | | |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૧૧.૧૪ | - | માહી નીરવ દિલીપ મોતા | નલીયા | પુત્રી |
| ૧૦.૦૧.૧૫ | સાલેમ (ટી.એન) | મેહેર-પ્રિયંકા/દિપેન રાયચંદ મોતા | કુઆપધર | પુત્રી |
| ૧૦.૦૧.૧૫ | ચિચંવડ-પુના | મલવ-મયુરી/પ્રગ્નેશ કિશોર લોડાયા | તેરા | પુત્ર |
| ૧૧.૦૧.૧૫ | ડોંબિવલી | પ્રિયાંશ-હિરલ/કલ્પેશ રમેશ ખોના | ગોરખડી | પુત્ર |

## સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૧.૧૫ | ડોંબિવલી | ભવેશ પ્રમોદ સોમચંદ ખોના | સુથરી | ૨૯ |
| | અમદાવાદ | રીંકલ સોમચંદ ભાણજી મૈશેરી | બાંઢિયા | ૨૬ |
| ૨૬.૦૧.૧૫ | રાયપુર | મિથિલ દિનેશ ડુંગરશી મોમાયા | નલિયા | ૨૮ |
| | દમણ | કરીશમા વિજય વિરચંદ વિકમશી | રંગપુર | ૨૨ |
| ૦૩.૦૨.૧૫ | ચુનાભટ્ટી | ભૂમીત રમેશ કુંવરજી દંડ | ભરૂડીયા | ૨૮ |
| | મુલુંડ | મનવી ગીરીશ પુનશી મુનવર | રંગપૂર | ૨૪ |

## આંતર જ્ઞાતીય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૧.૧૫ | કોચીન | વિશાલ સુરેન્દ્ર શાંતિલાલ દોશી | મુંન્દ્રા | ૨૬ |
| | કોચીન | ઉર્વશી રમેશ કલ્યાણજી ખોના | સુથરી | ૨૦ |
| ૨૪.૦૧.૧૫ | ચુનાભટ્ટી | ચિંતન રજનીકાંત નાગડા | તેરા | ૨૪ |
| | ઘાટકોપર | અમી રાજેન્દ્ર કામાણી | રાજકોટ | ૨૨ |
| ૨૮.૦૧.૧૫ | મુલુંડ | દિવ્ય પ્રવીણ કેશવજીવોરા | પ્રતાપર | ૨૬ |
| | મુલુંડ | વીહાંગી પ્રવીણ પદમશી લાલકા | વારાપધર | ૨૬ |
| ૦૧.૦૨.૧૫ | મુલુંડ | જીગર ભરત દામજી મારૂ | ડોણ | ૨૪ |
| | મુલુંડ | રૂચિ દિપક હીરાચંદ મોમાયા | ડુમરા | ૨૪ |

## આંતરજ્ઞાતીય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૦૭.૧૪ | અમદાવાદ | બ્રિજેશ નીતીન હસમુખ દોશી | પોલારપૂર | - |
| | ભાવનગર | નમ્રતા અજીત ઉપેન્દ્ર લાપસીયા | નલીયા | - |
| ૦૩.૧૨.૧૪ | અંધેરી | ચિરાગ જીવનભાઈ દમણિયા | દમણ | ૨૯ |
| | અંધેરી | શિવાની જયેશ મણીલાલ દંડ | લાલા | ૨૩ |
| ૧૫.૧૨.૧૪ | નાલાસોપારા | મનોજ સુરેશ પંચાલ | - | ૨૬ |
| | ભાયંદર | નીકીતા કિશોર મોમાયા | ડુમરા | ૨૪ |
| ૨૯.૦૧.૧૫ | જામનગર | હાર્દિક જશમુખ દંડ | નાની ખાવડી | ૨૪ |
| | વડોદરા | વૈશાલી મહેશભાઈ મકવાણા | વડોદરા | ૨૪ |


## છુટા છેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૧.૧૫ | મુલુંડ | ગૌરવ મહેન્દ્ર નવીનચંદ્ર વીકમશી | વરાડીયા | ૩૧ |
| | ઔરંગાબાદ | જયતિ ભરત ટોકરશી દંડ | લાલા | ૨૩ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦.૦૧.૧૫ | કાંદિવલી | વિજય આણંદજી પાશ્વીર નાગડા | જખૌ | ૭૯ |
| ૩૧.૦૧.૧૫ | પાંચોરા | અવની ભરત ધનજી નાગડા | પરજાઉ | ૨૯ |
| ૦૧.૦૨.૧૫ | દાદર | લક્ષ્મીચંદ જેઠાભાઈ હીરજી મેપાણી (નાગડા) | પરજાઉ | ૮૫ |
| ૦૬.૦૨.૧૫ | વડાલા | અનીલ કુંવરજી લાલજીનાગડા | નલીયા | ૭૧ |
| ૦૭.૦૨.૧૫ | ભાદ્રા | વિજયાબેન બાબુલાલ રામજી ખોના | ગોરખડી | ૭૪ |

# દ્વિતીય પુણ્યતિથીએ સ્મરણાંજલિ



## ચીમનલાલ દામજી મોમાયા

(બારોઈ - સેંધવા)

અરિહંતશરણ તા. ૧૧-૦૨-૨૦૧૩

સ્વાશ્રયે અનેક સિધ્ધિ પામ્યા,
તમે સેંધવા જિનાલયના સ્વપ્ન શિલ્પી...
બારોઈ જિનાલયનું કર્યુ સંવર્ધન,
મન વચન કાયાથી ધર્મમાં રાખી શ્રધ્ધા...
સેવા–મૈત્રીના સિંહ તમે સાચા લાયન
પુણ્યતિથીએ કરીએ આપની સ્મૃતિને વંદન

માતૃશ્રી રતનબાઈ દામજી મોમાયા
માતૃશ્રી રતનબાઈ નરશી મોમાયા
માતૃશ્રી હિરબાઈ પ્રેમજી મોમાયા
જૈન મેડિકલ સ્ટોર્સ મોતીબાગ ચૌક - સેંધવા
મયંક મેડિકલ સ્ટોર્સ સદર બાજાર - સેંધવા
મયંક ફીઝીયોથૈરેપી - એક્યુપ્રેસર સૅન્ટર મોતીબાગ ચૌક - સેંધવા

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001


# 25th Anniversary

## You continue to inspire us



**Born :**
**01-09-1922**

**Expired :**
**14-02-1990**

આજ આપની વિદાયને પચીસ વર્ષના વહાણાં વહી ગયાં પણ આપની યાદ સાથે આપના ગુણો, શાંત, ઉધમી, સરળ, પ્રેમાળ અને પરોપકારી સ્વભાવ સદાય અમારા સ્મૃતિપટ પર તરોતાજા છે. આપ સુખ-દુ:ખમાં હમેશા હસતા રહ્યા. આખું જીવન મહેનત કરીને સહુને સુખનો સાગર સોંપતા ગયા. આપનું જીવન અમને હમેશા પ્રેરણા આપતું રહેશે. પ્રભુ આપના પવિત્ર આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના છે.

## Remembering Our Founder of DRL

## SHAH DHANJI KALYANJI DHARAMSHI

**who left us on this day 25 years ago.**

Producer of Kannada Film 'Ide Mahasudina' (આજનો શુભ દિવસ)

Fondly remembered by: Family members, Management & Staff of

## KHUSHALSHAH GROUP OF COMPANIES

## DRL LOGISTICS PVT.LTD.

Regd. Office : #33, Komal Mansion, M.T.B. Road, Near Minerva Circle, Bangalore-560 002
Tel: 080-22238181/81/83, 22298181/82/83, Fax: 080-42060613
Email: bangalore@drllogistics.com, Website: www.drllogistics.com
Rahul Khushal Dharamshi, Managing Director : Mob: +91 9844009008

R.O. No. 77/80,Pranav Chambers, Unit No. 2, Sector 19/C, Vashi, Navi Mumbai-400 705
Tel: 022- 2783 8266-8255 Fax: 022-27839008
Email: mumbai@drllogistics.com, Websie: www.drllogistics.com
Mehul Khushal Dharamshi, Director : Mob: 09320409008

DHARAMSHI RESORTS PVT. LTD.
DHARAMSHI HOLDINGS & DEVELOPERS PVT. LTD.

DHARAMSHI RESORTS

R.K. LOGISTICS • R.K.DEVELOPERS

www.drllogistics.com


if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,